સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

ઓગષ્ટ - ૨૦૧૫

બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-











વડતાલવિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજની છત્રછાયામાં શ્રી રઘુવીરવાડી ખાતે સેંકડો નિષ્ઠાવાન હરિભક્તોની ઉપસ્થિતિમાં યોજાયેલ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ચરણારવિંદમાં સમર્પિત પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં

# શ્રી ગુરૂપૂર્ણિમા મહોત્સવ-૨૦૧૫

# ગુરુપૂર્ણિમા મહોત્સવ
# શ્રી રઘુવીરવાડી-વડતાલ





















વડતાલવિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજની છત્રછાયામાં શ્રી રઘુવીરવાડી ખાતે સેંકડો નિષ્ઠાવાન હરિભક્તોની ઉપસ્થિતિમાં યોજાયેલ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના ચરણારવિંદમાં સમર્પિત પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય **શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા બંને પૂ. બાળલાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં શ્રી ગુરુપૂર્ણિમા મહોત્સવ - ૨૦૧૫

# શ્રી સત્સંગિજીવન કથા પારાયણ - ન્યૂજર્સી























અમેરિકાના ન્યૂજર્સી ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં નૂતન
શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર પરિસરમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ
'શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ' (તા. ૨૨ થી ૨૬-૭-૨૦૧૫)




ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા સંતમંડળની કેન્યા દેશના નાઈરોબી વિસ્તારમાં યોજાયેલ સત્સંગ વિચરણ યાત્રા (તા.૧ થી ૬-૮-૧૫)

૧-૩. શ્રી કચ્છ લેવા પટેલ સમાજમાં યોજાયેલ 'ત્રિદિનાત્મક સત્સંગ સભા'માં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી તથા સંતો. ૪. ઠાકરથાળી ઉત્સવ કરતા સંતો-હરિભક્તો. ૫. શ્રી કચ્છ લેવા પટેલ સમાજ સંચાલિત સ્કુલની મુલાકાતે પૂ. સ્વામી સાથે પ્રિન્સીપાલ તથા સમાજના અગ્રગણ્ય. ૬. નાઈરોબી એરપોર્ટનું સંતોનું સ્વાગત કરતા ભક્તો. ૭-૧૦. પ.ભ. શ્રી હરેશભાઈ સોની (શ્રીજી એન્ટરપ્રાઈઝ કું.)ના નિવાસ્થાને તથા ઓફિસ-ફેકટરીમાં ઠાકોરજી સાથે સંતોની પધરામણી. ૧૧-૧૨. પ.ભ. શ્રી કિશોરભાઈ હરજીભાઈ રાઘવાણીના નિવાસ્થાને તથા ઓફિસ-ફેકટરીમાં ઠાકોરજી સાથે સંતોની પધરામણી.



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

# સ્વામિનારાયણ ચિંતન


**વર્ષ : ૩, અંક : ૬, તા. ૨૦-૦૮-૧૫**

**પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**

**:: પ્રસિદ્ધ કર્તા ::**

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

**પ્રકાશક/માલિક/તંત્રી :-** સાધુ પતિતપાવનદાસજી

**સંપાદક :-** સ્વામી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)

**સંકલન : સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પાર્ષદ સંદિપ ભગત**
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર :-**

**ચિંતન કાર્યાલય**

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર,
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
www.sardhardham.com, www.svg.org
**Email :** srdharmandir@gmail.com


## અમૃતવાણી

‘आत्यन्तिकी भवति मुक्तिरिहासुभाजां सौख्यं तथा बहु निजाश्रयमात्रतोऽपि ।
एवंमहिः परिवृतो निजपार्षदौघैर्दिव्ये स्थितोऽयमुरुतेजसि सद्विमाने ।।११।।
प्राणप्रयाणसमये स्वसमाश्रितानां जाते स्वयं निजवराक्षरधाम भक्तान् ।
तान्नेतुमाव्रजति चैतदमुष्य भद्रं लक्ष्म स्फुटं रुचिरमष्टममेव बोध्यम् ।।१२।।’

**અર્થ :** પોતાના આશ્રયમાત્રથી ભક્તોને મુક્તિ અને સુખ આપનારા ભગવાન શ્રીહરિ, ભક્તોના અંતકાળે, તેમને અક્ષરધામમાં લઈ જવા માટે દિવ્યવિમાનાદિ લઈને તેડવા પધારે છે એ તેઓનું **આઠમું લક્ષણ** છે.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૭/૨૧)

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | દિવ્ય અમૃતવાણી | ૦૬ |
| ૩. | ‘પરમેશ્વર કે પ્રેમેશ્વર ?’ | ૧૦ |
| ૩. | સત્સંગ સમાચાર પત્રિકા | ૨૪ |



**લવાજમ દર :-**
બે વર્ષ : રૂા. ૧૬૦/- , પંચવાર્ષિક : રૂા. ૩૫૦/-, પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-
પરદેશમાં લવાજમ : **$ 200 U.S.A. £ 125 U.K.**



હમારા લક્ષ્ય
विश्व का कल्याण हो...
Online : www.lakshyatv.com

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
દિવ્ય અમૃતવાણી
સમય : દરરોજ

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે
સત્સંગ કથા પારાયણ
સમય : દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે
સત્સંગ કથામૃત
સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦



છબીકલા : શિવલાલ સુદાણી - બારમણ, મો. ૯૮૭૯૨૬૯૫૪૦ શ્રીહરિકૃષ્ણ વિડિયો વિઝન - સુરત. મો. ૯૪૨૮૬૯૫૫૧૩. શ્રીહરિ ડીઝીટલ સ્ટુડીયો - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦

# દિવ્ય અમૃતવાણી

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના

શ્રી ગુરુપૂર્ણિમા મહોત્સવ - વડતાલ



हर रात की सुबह होती है,
हर बात की वजह होती है ।

સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પીયુષ બોઘાણી

*'भवसंभवभीतिभेदनं सुखसंपत्करुणानिकेतनं । व्रतदानतपःक्रियाफलं सहजानंद गुरुं भजे सदा ।।'*

ભારતીય સનાતન વૈદિક પરંપરા અને સંસ્કૃતિમાં **ખૂબ જ્ઞાન** અને **તત્ત્વચિંતન** સમાયેલું છે. આ સંસારને - આ જગતને જે કોઈ ન જોઈ શકે એવી દૃષ્ટિથી આ સમગ્ર જગતનું **વિશ્વનું** જો **દર્શન** કરાવતા હોય તો આપણા **વૈદિક પરંપરાના શાસ્ત્રો** છે. વિશ્વની અનેક સંસ્કૃતિઓ આ જગતમાં અત્યારે વર્તમાન પ્રવર્તી રહી છે, પરંતુ એ તમામ સંસ્કૃતિઓ જીવાત્માને કેવળ દેહસંબંધી જ શિક્ષણ આપે છે. દેહથી પર થઈને જો કોઈને વિચારતા શીખવાડ્યું હોય તો આપણી ભારતીય વૈદિક પરંપરા, આપણા દર્શન શાસ્ત્રોએ શીખવાડ્યું છે. ધર્મ-અર્થ-કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થની સિદ્ધિ જીવાત્મા માટે ઉપલબ્ધ કરાવતું હોય, એનો માર્ગ બતાવતું હોય, એના ઉપર અગ્રેસર થવાનું બળ પૂરું પાડતું હોય એ આપણી વૈદિક પરંપરા છે. અને એટલું જ નહીં પણ જન્મમરણના ચક્રમાંથી જીવાત્માને મુક્ત થઈ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણના સાન્નિધ્યમાં એટલે કે ધામની પ્રાપ્તિ કરાવતું જો કોઈ હોય તો એ આપણી ભારતીય **વૈદિક પરંપરા** અને આપણી **સંસ્કૃતિ** છે.

આપણી આ ભારતીય સંસ્કૃતિમાં એક જેને અજોડ **અદ્વિતીય અંગ** કહી શકાય એવું અંગ જો કોઈ પ્રસ્થાપિત થયું હોય તો એ **ગુરુનું પાત્ર** છે. આ વિશ્વમાં કોઈપણ જીવાત્મા એ ઋણમાંથી ક્યારેય મુક્ત નથી થઈ શકતો. પછી કોઈ એને ઋણ ન માને એવા તો ઘણા કૃતઘ્ની હોઈ શકે, પણ વિચાર કરીને જોઈએ તો આપણા શાસ્ત્રોમાં એક જનનીનું ઋણ કોઈ અદા નથી કરી શકતું. કારણ કે, જેણે નવ મહિના પોતાની કુખમાં બાળકને રાખીને પોતાના રક્તથી જેને સિંચ્યું હોય, પોતાના દૂધથી જેનું સિંચન કરીને પાલન કર્યું હોય. અને જીવાતમાને ચારેય પુરુષાર્થની સિદ્ધિ કરવા માટે, કર્મ કરવા માટે જે પરમ સાધનની જરૂર પડે એવા શરીરરૂપી સાધનની એને પ્રાપ્તિ કરાવી છે. જેના માધ્યમે કરીને જીવાત્મા કર્મ કરે છે અને કર્મના ફળસ્વરૂપે ભગવાનના ધામની પ્રાપ્તિની એને અનુકંપા થાય છએ એવા માતૃઋણમાંથી જીવાત્મા ક્યારેય મુક્ત ન થઈ શકે. અને બીજું ઋણ એ છે કે, શાસ્ત્રની દૃષ્ટિએ જેને ક્યારેય અદા ન કરી શકે એ શરીરમાં જે રહેલો જીવાત્માને જાગૃત કરી ચૈતન્યતા જેણે પૂરી પાડી છે અને જીવાત્માને આત્મશક્તિ જેણે જાગૃત કરી છે, મંત્રદીક્ષા દ્વારા જીવાત્માને પ્રભાવિત કરી પોતાના આત્માને જગાડી પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમનારાયણની ભક્તિના જેણે અંકુર બીજ રોપ્યા હોય એવા ગુરુના ઋણમાંથી ક્યારેય કોઈ મુક્ત ન થઈ શકે.

આપણા પુરાણોમાં **ગુરુનો મહિમા** ખૂબજ કહેવાયો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ જ કલ્યાણના પ્રદાતા છે, પરંતુ એ ભગવાન શ્રીહરિ સાથેનો જે સંબંધ કરાવે તેવા ગુરુ આપણા સંપ્રદાયમાં શિરમોડ શિરતાજ સ્થાન 'આચાર્યપદ'ને આપવામાં આવ્યું છે. હજારો ભક્તોની **ભાવના** અને **શ્રદ્ધા** - તેનો **ભાર** સહન કરવો તે સહજ વાત નથી. પરંતુ ભગવાન શ્રીહરિની પૂર્ણકૃપાથી અમો **હળવાશ**ની અનુભૂતિ કરી રહ્યા છીએ. આજે અમોને **સવિશેષ આનંદ** છે. આજનો સમય છે તે જ **સાર્થક સમય** છે. 'આજનો લ્હાવો લઈએ કાલ કોણે દીઠી છે...' આમને આમ કરતા જો ભગવાન શ્રીહરિ આપણને ધામમાં તેડી જાય તો અમો માનીએ છીએ કે, આપણે બેડોપાર થઈ ગયા છીએ. શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે, 'ભલા થઈને અમારા દાખડા સામું જોજો... અમે કહ્યું એમ જો તમે કરશો તો અક્ષરધામમાં તમે ને અમે ભેગા રહીશું, નહીં તો તમારે ને અમારે ઘણું છેટું થઈ જશે.'

અમારો જે સંઘર્ષ છે તે શ્રીજીમહારાજે **શિક્ષાપત્રી**માં વાત લખી : 'धर्मरक्षण हेतवे ।' અમારો સંઘર્ષ એ **ધર્મના રક્ષણ માટે**નો છે. અને અમારો વિશ્વાસ છે કે અમારી હાર એ ભગવાન શ્રી સ્વામિનારાયણની હાર છે. અને અમારો એ પણ વિશ્વાસ છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણ કદાપિ હારવાના નથી. આ અમારો દૃઢ વિશ્વાસ છે. પરંતુ સમય એ ભગવાનના હાથની વાત છે. અમારી **વિચારધારા** એ છે કે ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માએ ગીતાની અંદર ઉપદેશ કર્યો છે કે કર્મ કરવાનો જીવાત્માને અધિકાર છે. ભગવાન શ્રીકૃષ્ણ સક્ષમ હતા કે આ યુદ્ધનો નિર્ણય શું આવવાનો છે. એ ઉપદેશમાં અર્જુનને કહી શક્યા હોત. ભગવાન અંતર્યામી છે, સર્વકારણના કારણ છે, કર્તા થકા અકર્તા છે, ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળના ત્રિકાળદર્શી છે. એના અનુસંધાનમાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહી શક્યા હોય કે તું લડ્ય, આ યુદ્ધનું પરિણામ તમારી જીત છે. પરંતુ એ ભગવાને એ ઉપદેશ કર્યો નથી. ભગવાન શ્રીકૃષ્ણે બે વાત બતાવી કે સંઘર્ષની અંદર કાંતો જીત થાય અને કાંતો હાર થાય. કોઈપણ સંઘર્ષ હોય તેનું પરિણામ એજ આવે કે કાંતો વિજય મળે કાંતો પરાજય મળે.

આ વિજય અને પરાજયનો જ્યારે પ્રશ્ન આવે ત્યારે મહત્ત્વ વિજય મળ્યો કે પરાજય મળ્યો એવું રહી શકતું નથી. પરમાત્મા શ્રીકૃષ્ણના જો શબ્દોને યથાર્થ સ્વરૂપમાં સમજીએ તો આપણા **મનના પ્રશ્નો** પણ હલ થઈ જશે. અર્જુનજીને ભગવાન શ્રીકૃષ્ણે એમ ઉપદેશ કર્યો છે કે જો જીતશો તો યશ મળશે, કીર્તિ મળશે અને જો હારશો તો મોક્ષ મળશે, વીરગતિ મળશે.

વ્હાલા ભક્તો ! જ્યારે સંઘર્ષ હોય ત્યારે **જીત** કે **હાર** એ મહત્ત્વનું નથી પણ મહત્ત્વનું છે તમે કોના પક્ષે ઊભા છો ? મહત્ત્વનું છે કે તમે જીતશો તો ધર્મનું રક્ષણ થશે અને કદાચ ધર્મનું રક્ષણ કરતાં કરતાં જો હારવાની **પરિસ્થિતિ** આવશે તો ભગવાન શ્રીહરિના અક્ષરધામની પ્રાપ્તિ થશે. પરંતુ આટલો ઉપદેશ કરીને ભગવાન શાંત પણ નથી થયા. મહારાજે કહ્યું છે કે જ્યાં ભગવાન શ્રીકૃષ્ણ હોય અને જ્યાં ધનુર્ધારી અર્જુન હોય ત્યાં વિજય હોય જ. એ ધ્રુવ છે, સનાતન છે.

આ વાત આપણે આજના **સમય સંજોગો** સાથે સરખાવીએ તો આપણી સાથે ભગવાન શ્રીહરિ છે. અને ભગવાનની આજ્ઞાથી **ભગવાન પર શ્રદ્ધા** રાખી ચાલનારા **અડીખમ** આ દૂર દૂર સુધી દેખાય છે એવા **હજારો અર્જુનો** બેઠા છે. તેથી એમ લાગે છે કે આ સ્થાનની અંદર કોઈ દિવસ પરાજય હોય નહિ. મને જે મારા

વડિલોએ શિક્ષણ આપ્યું છે કે કર્મ કરવું અને એ કર્મ-ધર્મ પ્રમાણે કરવું. ધર્મથી વિરુદ્ધ જઈને કોઈ કર્મ ન કરવું. ફળ આપવું એ ભગવાનના હાથમાં છે. આ કાર્યની અંદર છેલ્લે સુધી અમો પીછેહઠ કરવાના નથી અને અમને એમ લાગે છે કે આ કાર્યની અંદર આ સત્સંગ સમુદાય પણ પીછેહઠ કરવાનો નથી. આવો મારો **અંતરનો વિશ્વાસ** છે.

શાસ્ત્રોમાં લખેલા શબ્દો જીવનમાં ઉતારવાનાં છે. તે શબ્દો મોક્ષ આપનારા છે. આપણા મનમાં **હામ** છે : જો શ્રીજીમહારાજ આપણા ઈષ્ટદેવ હોય તો તેના ભક્ત તરીકે **સર્વોપરી કસોટી**માંથી પણ **પાર** ઉતરવા તૈયાર છીએ, આવી હામ મનમાં રાખવાની છે. હામ અને દૃઢતા જો મનમાં હશે તો ભગવાનનો **સર્વોપરી રાજીપો** આપણા પર ઊતરશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

આ જગતમાં જીવાત્મા જ્યારે શરીર ધારણ કરે છે ત્યારે એ જન્મમાં જીવાત્મા અનેક પ્રકારના કર્મ કરે છે. જીવાત્મા કર્મ વગર નથી રહી શકતો. આપણે સવારે ઊઠીએ ત્યારથી જ કર્મ કરવાનું શરૂ કરી દઈએ છીએ. પણ આપણે એવું જ વિચારીએ છીએ કે, હાથે કરીને જે કર્યું તે જ કર્મ કહેવાય, પરંતુ શાસ્ત્રોમાં કહ્યું છે કે કર્મ **ત્રણ પ્રકારે** થાય છે; મન-કર્મ અને વચનથી. જીવાત્મા મનથી કર્મ કરે, દેહથી કોઈ કાર્ય કરીને કર્મ કરે અને વચનથી એટલે કે વાણી દ્વારા બોલે તોપણ કર્મ થાય છે. અને આ મન-કર્મ-વચનથી કરેલા કર્મના ફળને જીવાત્મા આ મૃત્યુલોકમાં હોય ત્યાં સુધી ભોગવે છે અને શરીરનો ત્યાગ કર્યા પછી આ જીવાત્મા જ્યારે જાય છે ત્યારે ત્રણ પ્રકારે ગતિ થાય છે. જો ભગવદ્‌ભક્તિ કરીને જો દેહ મૂક્યો હોય તો તે ભગવત્‌ધામને પામે છે. જ્યારે જીવાત્માએ થોડા સત્કર્મ કર્યા હોય તો સ્વર્ગાદિક લોકને પામે છે. કોઈ મનુષ્ય જન્મને પામે છે અથવા મૃત્યુલોકમાં કોઈને કોઈ જન્મ પામે છે અને જ્યારે અધર્મ અને પાપાચરણનો જેણે આશ્રય લીધો હોય તે જીવાત્માને દેહને મૂકીને નરકયાતના અથવા તો ભૂત-પ્રેતાદિક કે બ્રહ્મરાક્ષસ થઈને ભટકવું પડે છે.

જીવનમાં આપણને જે સુખ-દુ:ખ, ઉતાર-ચઢાવ આવે છે તે પણ પોતાના કર્મને અનુસારે મળે છે. અને **કર્મ ભોગવવાના** પણ **ત્રણ પ્રકાર** છે :- 'પ્રારબ્ધ, સંચિત અને ક્રિયમાણ.'

પૂર્વે કરેલા કર્મ જીવાત્માને જેનું ફળ ભોગવવાનું બાકી હોય તે કર્મ જીવાત્મા જ્યાં જ્યાં જન્મ ધરે ત્યાં **'પ્રારબ્ધ'** બનીને સાથે આવે છે.

અમુક કર્મ એવા હોય જેને **'સંચિત'** કર્મ કહેવાય. જેનું ફળ ઘણા સમય પછી મળવાનું હોય તેને સંચિત કર્મ કહેવાય.

**'ક્રિયમાણ'** એટલે તમે અત્યારે કર્મ કરો અને અત્યારે જ ફળ મળે.

આમ, ત્રણ પ્રકારે જીવાત્મા કર્મના ફળને ભોગવે છે.

કહેવાનો **ભાવાર્થ** એ છે કે, આપણા કર્મને આધીન આપણી **સદ્‌ગતિ** અને **અસદ્‌ગતિ**નો **નિર્ધાર** કરેલો છે. અને આ નિર્ધારને સત્ય ને સાર્થક કરવા માટે જીવાત્માને ભગવાને ઈન્દ્રિયોની સાથે સાથે બુદ્ધિ અને મન આપેલું છે. એમાં **વિવેકરૂપી દોરી સંચાર** થાય, વિવેકના પ્રાણ પૂરાય, સમજણના પ્રાણ પૂરાય અને એ જીવાત્માને સત્-અસત્‌ની વિક્તિ થાય, જીવાત્મા સત્ય માર્ગને અનુસરે, અસત્ય માર્ગનો ત્યાગ કરે એનું નામ **સત્સંગ** છે.

આજે જે **શાંતિ**ની **અનુભૂતિ** માટે આપણે રાત્રિ-દિવસ કાળી મજૂરી કરીએ છીએ, માયિક પદાર્થો પ્રાપ્ત કરવા માટે જે દુ:ખ ભોગવીએ છીએ, જેનું અસ્તિત્વ બહુ ક્ષણિક છે, આ શરીર પણ ક્ષણિક છે. પાણીમાં જેમ પરપોટા થાય તેની આયુષ્ય બહુ ક્ષણિક છે તેમ આ કાળચક્રની અંદર જીવાત્માની આયુષ્ય પાણીના પરપોટાની જેમ ક્ષણમાં નાશ થઈ જનારી છે. આવી ક્ષણિક જિંદગીમાં જીવાત્માએ પોતાના કલ્યાણને હસ્તગત કરવાનું છે. અને એ જીવાત્માના કલ્યાણને માટે ભગવાને આપણી **ભારતીય ધર્મ સંસ્કૃતિ**ને ભગવદ્‌ભક્તિ અને ઉપાસના - આ બે **સુંદર પાસાઓ** આપ્યા છે.

જેમ જીવાત્મા અશુભ કર્મ કરે તો તેનું ફળ અશુભ મળે છે તેમ **ભગવદ્‌ભક્તિ** અને **ભગવદ્ ઉપાસના** જેવા કર્મ કરે તો શાસ્ત્રોમાં લખ્યું છે કે, 'धर्मो रक्षति रक्षितः ।' - ધર્મની રક્ષા કરવાથી ધર્મ આપણી **રક્ષા** કરે છે. જે ધર્મને આપણે અનુસરીએ છીએ તે ધર્મ, કાળ-કર્મ અને માયાથી આપણી રક્ષા કરે છે.

જ્યારે જીવાત્મા ભગવાનનો સંપૂર્ણપણે આશ્રય કરી તેમની આજ્ઞા પ્રમાણે તેમણે સ્થાપિત સિદ્ધાંતો અને મર્યાદા પ્રમાણે જીવન જીવે છે ત્યારે ભગવાન કહે છે :- ''એવા ભક્તના 'योग क्षेमं वहाम्यहम्।' - યોગ અને ક્ષેમનું હું વહન કરું છું.''

આપણા આ પંચભૂતના દેહમાં જેમ પ્રાણની કિંમત છે તેમ કોઈપણ સનાતન ધર્મ હોય કે સંપ્રદાય હોય એની રીતિ એના રિવાજ એના સિદ્ધાંતો, અને નિયમો હોય તેમાં તેનો પ્રાણ રહેલો હોય છે. તેમ આપણા સંપ્રદાયમાં ભગવાનની સર્વોપરી ઉપાસના ભક્તિમાં પ્રાણ રહેલા છે.

વળી, વચનામૃતમાં **શ્રીજીમહારાજ** કહે છે, 'તમારી કરેલી ભક્તિ કોઈ કાળે રઝળતા રઝળતા એનું કોઈ કાળે **બીજબળ** બન્યું હશે અને જો એ પ્રગટ થશે તો અમે તમને **પુનઃ** આવો **યોગ** આપીશું. પણ અંતે તો અમે કહ્યું એમ જો કરશો તો જ તમને ધામમાં તેડી જઈશું નહીંતર ધામ મળવાનું નથી.' આપણે બધા **બડભાગી** છીએ કે આપણે સર્વે ભગવાન શ્રીહરિની આજ્ઞામાં વર્તનારા છીએ. ભગવાન શ્રીહરિ સ્થાપિત સિદ્ધાંતો માટે અનેક કષ્ટો સહન કર્યા છે અને કરે છે.

શ્રીજીમહારાજ પ્રથમ પ્રકરણના ૧લા **વચનામૃત**માં કહે છે કે, 'ધર્મકુળને આશ્રિત એવો જે ભક્ત તે ભગવાનના ધામને પામે છે.' અમારા કુળના વખાણ કરું છું. અને કેમ ન કરું ? અમારું **ધર્મકુળ** જ એવું **ગૌરવવંતુ** છે. જેમાં સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ** પ્રગટ થયા છે. આ શરીરમાં એ ભગવાન

શ્રીહરિનું જ લોહી વહે છે માટે વખાણ કેમ ન કરું ? જે કુળમાં પિતા **ધર્મદેવ** ને માતા **ભક્તિદેવી** પ્રગટ થયા હોય, જેમાં આદિ **આચાર્યપ્રવર શ્રી રઘુવીરજી મહારાજ** જેવા પ્રગટ થયા હોય, **આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ** પ્રગટ થયા હોય, **આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ** પ્રગટ થયા હોય, **આચાર્ય શ્રી શ્રીપ્રતિપ્રસાદજી મહારાજ** પ્રગટ થયા હોય, **આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજ** પ્રગટ થયા હોય, **આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજ** પ્રગટ થયા હોય અને જેને તમામ આચાર્યશ્રીઓના **આશીર્વાદાત્મક વ્હાલ** પ્રાપ્ત થયું છે - આજે સમગ્ર સંપ્રદાયને દૂષિત વાતાવરણમાં પણ એક સ્થિર થઈને મજબુતીથી જેણે ધારણ કરી રાખ્યો હોય એવા સમર્થ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ** જેવા પ્રગટ થયા હોય. એના કુળમાં જન્મ મળ્યો છે એનું **ગૌરવ** કેમ ન હોય ? એમની દીક્ષા લીધી છે એનું ગૌરવ કેમ ન હોય ? એમના સંતો-હરિભક્તોને એમનું ગૌરવ કેમ ન હોય ? ભગવાન શ્રી સ્વામિનારાયણના ધર્મકુળનું ગૌરવ ન લઈએ તો કોનું ગૌરવ લઈએ ?

**ગુરુ**નો **અર્થ** આપણા શાસ્ત્રોમાં સુંદર રીતે વર્ણવ્યો છે. અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય એનું નામ **'ગુરુ.'** પ્રકાશ કેવો તો જે પ્રકાશમાં દરેક વસ્તુનું સ્પષ્ટ દર્શન થઈ શકે એવો પ્રકાશ, નહિ તો અંધારું. જો તમને જે વસ્તુ-પદાર્થનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત ન થાય, સમજણ ન થાય એ અજ્ઞાનતા છે અંધકાર છે. શાસ્ત્રોએ માયાનું એક બીજું નામ આપ્યું છે ભ્રમણા. એ ભ્રમણાનો વ્યાપ કેવો છે કે પોતાના પ્રભાવે કરીને આપણે જે નાશવંત જગત છે નાશવંત શરીર છે એને વાસ્તવિક માની બેઠા છીએ. જગતના નાશવંત સુખોને વાસ્તવિક સત્ય માન્યા છે તે મોટી ભ્રમણા છે. એ ભ્રમણાને ઉજાગર કરીને જે સનાતન સુખ છે શાશ્વત સુખ છે એવું જ્ઞાન આપવું એ જ ગુરુનું પરમ કર્તવ્ય છે. 'ગુરુ' શબ્દ બહુ જ નાનો છે, ફક્ત બે અક્ષરનો છે. પરંતુ તેની વિશેષતા શાસ્ત્રોમાં ઘણી બતાવી છે. શ્રીમદ્ સત્સંગિજીવનમાં લખ્યું છે :- 'दीयते विमलं ज्ञानं क्षीयते कर्म वासना ।' જે વાસનાના બંધનને તોડી શકે છે તે જ સાચો ગુરુ છે. આ સંસારમાં જીવાત્માને બંધન કરનાર જો કોઈ હોય તો **બે વાત** તેમને **બંધન** કરે છે. (૧) પોતાના કર્મ બંધન કરે છે કે, 'अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभं ।' જીવાત્માએ કરેલા શુભ અને અશુભ કર્મો તેમને ભોગવવા પડે છે તેનું બંધન થાય છે. અને (૨) વાસનાનું બંધન થાય છે એટલે માયાનું બંધન થાય છે, જેને આપણે **મોહ** કહીએ છીએ.

આ સંસારની અંદર, આ પંચવિષયની અંદર જીવાત્માને માન-મોટપ આદિક માયાના જે પ્રકારો તેમાં મોજ આવે છે. તેમાં જીવાત્માને મોહ થાય તેજ બંધન. આ બંને બંધનો જીવાત્માના મોક્ષમાર્ગમાં **વિઘ્ન** કરનાર છે. તે ભક્તિ માર્ગમાંથી ચલિત કરનારા છે, તે કલ્યાણના માર્ગથી અધઃપતન કરાવનારા છે. એ જે ભય છે તેમાંથી જો કોઈ **મુક્તિ** આપતું હોય, તેમાંથી **રક્ષણ** કોઈ આપતું હોય, આવા ભયમાંથી કોઈ રક્ષણ કરતું હોય એવું જે તત્ત્વ તેને આપણે **પરમગુરુ** કહીએ છીએ. અને આપણા સંપ્રદાયની અંદર **સર્વોપરી પરમગુરુ**નું સ્થાન પ્રાપ્ત થયું હોય તો તે વડતાલના ૧૮માં પ્રમાણે તમારો સર્વેનો આચાર્યને ગુરુ અને ઉપદેષ્ટા એવો જે હું છું. એમ **શ્રીજીમહારાજ** કહે છે. અને તે માટે આપણે મંગળાચરણની સ્તુતિ બોલીએ છીએ : 'भवसंभवभीतिभेदनं सुखसंपत्करुणानिकेतनं । व्रतदानतपःक्रियाफलं सहजानंद गुरुं भजे सदा ।।' સમગ્ર સંપ્રદાયના સર્વોપરી ગુરુ કોઈ હોય તો તે **ભગવાન શ્રી સ્વામિનારાયણ** છે.

સત્સંગી થવાનું જે પહેલું પગથિયું **શરણાગત મંત્ર** લઈએ છીએ તે કોની પાસે સ્વીકારીએ છીએ તે **અતિ મહત્ત્વ**નું છે. કારણ કે ભક્તિમાર્ગમાં **બે પાત્ર** આવે છે, કોઈ દિવસ ત્રીજું પાત્ર આવતું નથી. એક **ભગવાન** અને બીજું **ભક્ત,** આ બે જ પાત્ર છે. આ સનાતન વૈદિક હિન્દુ ધર્મની પરંપરા છે. વિશિટાદ્વૈત, અદ્વૈત, દ્વૈત મત કે શાંકર્ય, શિવ, શક્તિ, નિમ્બાર્ક, વૈષ્ણવ, રામાનુજ, રામાનંદ વગેરે કોઈપણ સંપ્રદાયના સિદ્ધાંતના મતોમાં દૃષ્ટિ કરશો તો તેમાં **બે તત્ત્વ** મળશે. એક ભગવાન અને બીજો ભગવાનનો ભક્ત. એક **આરાધ્ય** અને એક **આરાધક** છે. આ બે તત્ત્વને જે જોડનાર છે તેનું નામ **ગુરુ.** તત્ત્વ બે જ છે, ગુરુને પકડવાથી કે ગુરુનો મહિમા આપણે સમજીએ છીએ તેને વળગીને જો રહીએ તો કદાચ ભગવાન ભૂલાય જાય છે. એટલા માટે આપણા સંપ્રદાયમાં શુદ્ધ ઉપાસના રીતિ ભગવાન શ્રીહરિએ **સ્વયં** સ્થાપેલી છે. તે માટે 'सहजानंद गुरुं भजे सदा ।' **સર્વોપરી ગુરુ** કોઈ હોય તો તે **ભગવાન શ્રી સ્વામિનારાયણ** છે.

આજે અમારે **ઉપદેશ** નહિ પણ **સૂત્રાત્મક** વાત કરવી છે. ૧. ભગવાન શ્રી સ્વામિનારાયણને ક્યારેય ન છોડશો. ૨. ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્થાપિત સિદ્ધાંતને વળગીને રહેજો. ૩. ભગવાન શ્રીહરિના કાર્યને સિદ્ધ કરવા માટે ગમે તેવો સંઘર્ષ કરવો પડે, ગમે તેટલું સહન કરવું પડે તોપણ ધીરજ ક્યારેય ન ખોશો. ૪. **'हर रात की सुबह होती है, हर बात की वजह होती है, हम जूडे है भगवान श्रीहरि के सिद्धांतो से, क्योंकी सत्य की चाहत होती है.'** - ગમે તેટલા કોઈ પ્રયત્નો કરે પણ સૂર્યોદય થશે... થશે ને થશે જ. ભગવાન શ્રી સ્વામિનારાયણના **સિદ્ધાંતો**નો વિજય થશે, ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત **મર્યાદા**નો **વિજય** થશે.

શ્રીજીમહારાજે **નિયમ-નિશ્ચય** અને **પક્ષ**ની વાત કરી છે એમાંય શૂરવીરતાને **વિશેષ** બિરદાવી છે. એવા શૂરવીર અને **સહજાનંદી સિંહો** અમારા સત્સંગમાં થતાં રહે એવી **ઉપાસ્યસ્વરૂપ** વડતાલવિહારી **શ્રીહરિકૃષ્ણ મહારાજ**ના શ્રીચરણોમાં **પ્રાર્થના.** અને આજે ગુરુપૂર્ણિમાના **પાવન પ્રસંગે** ત્યાગી-ગૃહી **સમસ્ત સત્સંગ સમાજ** વતી પ.પૂ. ધ.ધુ. **આચાર્ય મહારાજશ્રી**ના ચરણોમાં **કોટિ કોટિ વંદન** સહ.... **જય શ્રી સ્વામિનારાયણ.**



ભગવાન શ્રી સ્વામિનારાયણ

# પરમેશ્વર કે પ્રેમેશ્વર?

**સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પાર્ષદ સંદિપ ભગત**
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

પ્રેમ... પરમાત્માએ મોકલેલો,માણસો માટેનો અદ્‌ભુત અનુભવ છે. આ અનુભવમાં બધું જ છે, નદીની ભીનાશ છે, ફૂલોની સુગંધ છે, સૂર્યનું તેજ છે તો શિયાળાનો ભેજ પણ છે. હવાનો સ્પર્શ છે, તો વરસાદનું વહાલ છે. કારણ પરમાત્માના સર્વે અનુભવો, પ્રેમમાંથી પ્રગટ થાય છે અને આથી જ પ્રેમ એ પરમાત્માનું સ્વરૂપ છે. જે ભગવાનને નિષ્કામ પ્રેમ કરે છે તે જ સર્વોત્તમ છે અને પૂર્ણકામ છે અને ભગવાનના હૃદય સમાન છે. તેનો પ્રેમ ક્ષણ-ક્ષણ પ્રત્યે વૃદ્ધિ પામે છે; ગંગાના પ્રવાહની પેઠે કોઈ અંતરાયનો રોક્યો રોકાતો નથી, દેશકાળાદિ વિઘ્નોથી તેનો પ્રેમ ઘટતો નથી, એવા પ્રેમીભક્તની ઈન્દ્રિયો અને અંતઃકરણની વૃત્તિઓ સહેજે પરમાત્મામાં જ વર્તે છે. આવો આ ચિંતન અંકના માધ્યમથી એવા પ્રેમેશ્વર શ્રીહરિના પ્રેમની અનુભૂતિ કરીએ.

જ્ઞાનની પરાકાષ્ઠા એટલે વિજ્ઞાન, જીવનની પરાકાષ્ઠા એટલે મૃત્યુ, હાસ્યની પરાકાષ્ઠા એટલે રૂદન અને પ્રેમની પરાકાષ્ઠા એટલે પરમેશ્વર. ઈતિહાસ સાક્ષી છે - જેણે સાચો પ્રેમ કર્યો એને પરમાત્મા મળ્યા. બાઈ મીરાંના પ્રેમે પત્થરની મૂર્તિમાંથી પ્રભુને જીવંત કર્યા, સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામીના પ્રેમે શ્રી ગોપીનાથજી મહારાજની મૂર્તિમાંથી ભગવાન શ્રી સ્વામિનારાયણને બોલતા કર્યા, પ્રહ્લાદજીના પ્રેમે લોહસ્તંભમાંથી નૃસિંહને પ્રગટ કર્યા : **'પ્રેમ પ્રેમ સબ કોઈ કહે, પ્રેમ ન જાને કોઈ; ઢાઈ અક્ષર પ્રેમ કા, પઢે સો પંડિત હોઈ.'**

ભક્તિની ચરમસીમા એટલે પ્રેમ. એવો પ્રેમ જ્યારે પ્રભુમાં બંધાય છે ત્યારે પ્રભુ એવા પ્રેમીભક્તના બંધનમાં બંધાય છે. સર્વતંત્ર, સ્વતંત્ર પરમાત્મા પણ પરતંત્ર છે. કારણ કે એ પ્રભુને પણ ભક્તના પ્રેમ તાંતણે બંધાવું પડે છે : **'વાલો મારો પ્રેમને વશ રાજી, એમાં શું કરે પંડિતકાજી; કર્માબાઈનો ખીચડો આરોગ્યો, ને વિદુરની ખાધી ભાજી...વાલો મારો પ્રેમ.૦'**



ભક્તિની ચરમસીમા એટલે પ્રેમ. એવો પ્રેમ જ્યારે પ્રભુમાં બંધાય છે ત્યારે પ્રભુ એવા પ્રેમીભક્તના બંધનમાં બંધાય છે. સર્વતંત્ર, સ્વતંત્ર પરમાત્મા પણ પરતંત્ર છે. કારણ કે એ પ્રભુને પણ ભક્તના પ્રેમ તાંતણે બંધાવું પડે છે.

આવો અનન્ય પ્રેમ જ્યારે ભગવાન શ્રીહરિ સાથે બંધાય ત્યારે જીવને પ્રભુસ્મરણ વિનાની એક ક્ષણ ભવ જેવી લાગે, ચંદ્રને નિરખ્યા વિનાની એક પળ પણ ચકોરીને પ્રાણઘાતક લાગે છે : **'તુજ સાથે મારો આજે ભાવ છલકાયો, મારા પ્રેમનો સાગર આજે તુજ પર ઊભરાયો.'**

પ્રેમ એટલે એ **જાદુઈ ચાવી,** જે આપણા બંધિયાર જીવનના બારણે લાગેલું વિષાદનું તાળું ઉઘાડી નાખે. પ્રેમ એટલે એ ટાંકણું જે આપણી સામે ઊભેલા આપત્તિના હિમાલયને પાડી નાંખે...!!

પ્રેમ જીવનના આંગણે આવેલો અવસર છે, પ્રેમ જીવનને સુગંધિત બનાવતું **અત્તર** છે, પ્રેમ આવાસ છે, પ્રેમ આકાશ છે, પ્રેમ સુવાસ છે, પ્રેમ સંસાર છે, પ્રેમ તારણહાર છે, પ્રેમ જીવનનો **નવલખો હાર** છે.

પ્રેમ એટલે કે જે જીવતરના કમને સીવી લે છે અને પ્રેમ એટલે એ જે જીવતરના વિષને પી લે છે. પ્રેમ એટલે મનને મસ્તીમાં રાખે તે અને ડૂબતા જીવનને કસ્તીમાં રાખે તે.

પ્રેમ ભીનું ભીનું લીલુછમ ઘાસ છે, શ્વાસ છે, ઉચ્છવાસ છે. પ્રેમ જીવનનો ખરો અજવાસ છે. પ્રેમ ઠાઠ છે, માઠ છે, પ્રેમ પરમાત્મા સાથેની છેડા-છેડીની ગાંઠ છે...!!!

પ્રેમ આપણા ઘા પર લાગેલી મલમ છે, પ્રેમ રોમેન્ટિક કલમ છે, પ્રેમ નશાની ચલમ છે, પ્રેમ આનંદ છે. પ્રેમ પ્રેમ છે. ચારે કોર પ્રેમ જ પ્રેમ છે...!!

પ્રેમ એક ફૂલ છે, જે દરેક વ્યક્તિના જીવનમાં ખીલવું જોઈએ. પ્રેમના પુષ્પને આપણે આપણા સ્વભાવની ધરતી પર ઊગાડીશું તો અન્યને તો એની સુગંધ મળશે જ, પરંતુ સાથે સાથે આપણે ખુદ પણ સુગંધિત થઈ જઈશું. તેમ છતાં ઘણા માણસો દિવેલના હોલસેલ વેપારી જેમ વર્તતા હોય છે, હૈયામાં પ્રેમનું બીજ પડ્યું હોય તો પણ પ્રેમની કળી નથી ખીલવા દેતા.

માણસની ઝંખનાઓ અનેક હોય છે. પૈસા કમાવા, બંગલો બાંધવો, છોકરાઓને સારા અને મોટા માણસ બનાવવા, દુનિયામાં કીર્તિ મેળવવી, વિદેશ જવું, કલાકાર બનવું વગેરે... વગેરે..., પણ આ બધુ પ્રાપ્ત થયા પછી પણ પ્રેમ ન હોય તો બધુ લુખ્ખું...!!!

માણસ જાણે છે કે, જ્યાં પ્રેમ અને આનંદનો ઓચ્છવ હોય ત્યાં પરમાત્માનું અસ્તિત્વ હોય જ, અને પ્રેમની આબોહવા આપણી આસપાસ જ છે. પ્રેમ મેળવવા માટે એક પણ રૂપિયો ખર્ચ કરવો પડતો નથી. વગર પૈસે પણ માણસ લખલૂટ પ્રેમ મેળવી શકે છે.

જીવનના **સૌથી મધુર** એવા **દસ શબ્દો**ની યાદી બનાવવામાં આવે તો **'પ્રેમ'** શબ્દ મોખરે મૂકવો પડે. પદાર્થ વિજ્ઞાનમાં બે પ્રકારના બળની વાત ભણાવવામાં આવે છે. એક છે કેન્દ્રમાંથી (સેન્ટ્રિપેટ્લ) બળ, જે જોડનારું પરિબળ છે. બીજું છે કેન્દ્રત્યાગી (સેન્ટ્રિફ્યુગલ) બળ, જે વિખૂટું પાડનારું પરિબળ છે. પ્રેમ, કરુણા, ક્ષમા, અહિંસા અને પરોપકાર સાથે જોડાયેલા કર્મો માનવોને જોડનારા પરિબળો ગણાય. ઈર્ષ્યા, દ્વેષ, વેરભાવ, ક્રોધ અને હિંસા સાથે જોડાયેલા કર્મો માનવોને વિખૂટાં પાડનારા પરિબળો ગણાય. જો કેન્દ્રમાંથી પરિબળો કરતાં કેન્દ્રત્યાગી પરિબળોની તાકાત વધી જાય તો માનવજાતનો વિનાશ રોકડો બનશે. સાચા ધર્મનું કર્તવ્ય માનવતાના વિનાશને રોકવાનું છે. જે જોડે તે ધર્મ અને જે તોડે તે અધર્મ.

આપણને **વીજશક્તિ** પર પૂરી શ્રદ્ધા છે, તૈતરીય ઉપનિષદમાં 'વીજળી' માટે 'વૈદ્યુતા' શબ્દ પ્રયોજાયો છે. ઋષિ કહે છે કે, અગ્નિ પૂર્વરૂપ છે અને સૂર્ય ઉત્તરરૂપ છે. જળ (વરસાદ) એ બંનેને જોડનારી બાબત (સંધિ) છે અને બંનેને જોડવાનું પ્રયોજન વીજળી (વૈદ્યુતા) છે. વીજશક્તિને કારણે

ભર ઉનાળે આપણને એસી દ્વારા ઠંડક પ્રાપ્ત થાય છે. વીજશક્તિને કારણે શિયાળાની કડકડતી ટાઢમાં આપણને હીટર તરફથી હૂંફ પ્રાપ્ત થાય છે. વીજળી પ્રકાશ આપે છે, વીજળી ગતિ આપે છે. પ્રસૂતિગૃહના પારણાંથી તો સ્મશાનગૃહની ચિતા સુધી વીજળી માનવીને સાથ આપે છે. વીજશક્તિના ઉપકારો અનંત છે. એ જ રીતે થાર્મલશકિત, પાવનાશકિત, જળવિદ્યુતશક્તિ અને અણુઊર્જાના ઉપકારો પણ ઓછા નથી. આ બધી શક્તિને પણ હરાવી શકે એવી **'પ્રેમશક્તિ'** આપણા ખ્યાલમાં ઝટ નથી આવતી. પ્રેમ જગતની સૌથી મહાન શક્તિ છે એ વાત સમજવામાં આયખું ટૂંકું પડે છે. સૂરદાસ જેવા કોઈ ભક્તને પ્રેમશક્તિનો પરચો પ્રાપ્ત થાય ત્યારે એક ઉદ્‌ગાર નીકળી પડે : **'સબ સે ઊંચી પ્રેમસગાઈ !'**

માણસ જન્મે તે જ ક્ષણે એને માતા તરફથી પ્રેમશક્તિ પ્રાપ્ત થાય છે. મોટી ઊંમરે પણ મનુષ્ય પ્રેમશક્તિ વિના જીવી ન શકે. એની ઝંખના પ્રિયજન પામવાની રહે છે. ગમે તેવી મોટી આપત્તિ આવી પડે ત્યારે પણ **પ્રિયજન** પડખે હોય તો માણસ ટકી જાય છે.

પાંડવોને વનવાસ પ્રાપ્ત થયો, પરંતુ ત્યાંય એમને વાંધો ન આવ્યો. સરસ્વતી નદીને કિનારે મરુધન્વા દેશની નજીક આવેલા દ્વૈતવનમાં પણ પ્રિયજન **ભગવાન શ્રીકૃષ્ણ** વારંવાર મળવા જતા હતા, તેથી પાંડવો ઝાઝા દુઃખી ન હતા. ભગવાન શ્રીરામ-સીતા-લક્ષ્મણ પંચવટીમાં પર્ણકુટિ બાંધીને રહ્યા ત્યારે એમને દશરથના મિત્ર ગૃધરાજ **જટાયુ**ની હૂંફ મળી. સીતાનું અપહરણ થયું ત્યારે જટાયુએ રાવણને પડકાર્યો અને પોતાના પ્રાણનું **બલિદાન** આપ્યું. શ્રીરામે એ જટાયુનો અગ્નિસંસ્કાર કર્યો ત્યારે એમની આંખમાં આંસુ હતા. જગત આવી અશ્રુઘટનાને આધારે ટકી રહ્યું છે. પ્રેમ વિનાની દુનિયા જીવવા જેવી નહીં હોઈ શકે. **પ્રેમ વિનાનું જીવન એટલે મરુભૂમિ.** પ્રેમથી છલોછલ જીવન એ જ સ્વર્ગ અને પ્રેમશૂન્ય આયખું એ જ નરક.

મનુષ્યોના આરોગ્ય અને આયુષ્યનો ઘણો આધાર **પ્રેમાળ સંબંધો** પર અવલંબે છે એમ કહીએ તો આપણું કોણ માને ? પરદેશમાં થયેલા **અનેક સંશોધનો**માં એવું જણાયું છે કે પાળેલા પશુઓને પ્રેમથી વહાલ કરનારા મનુષ્યો વધારે જીવે છે.



પ્રેમ... પરમાત્માએ મોકલેલો, માણસો માટેનો **અદ્‌ભુત અનુભવ** છે. આ અનુભવમાં બધું જ છે, નદીની ભીનાશ છે, ફૂલોની સુગંધ છે, સૂર્યનું તેજ છે તો શિયાળાનો ભેજ પણ છે. હવાનો સ્પર્શ છે, તો વરસાદનું વહાલ છે. વૃક્ષનો છાંયડો છે. આથી જ પ્રેમ કુદરતી છે.

પાળેલ શ્વાન કે બિલાડી મૃત્યુ પામે ત્યારે અમેરિકન સ્ત્રીઓ રડે છે. કદાચ પુરુષો પણ રડતા હશે. ઘરમાં ગાય કે બળદ મૃત્યુ પામે ત્યારે તે ઘરના ખેડૂત સ્ત્રી-પુરુષો રડે છે. નોબેલ પારિતોષિક વિજેતા પર્લ બકની નવલકથા 'ધ ગૂડ અર્થ'માં ચીનનો ખેડૂત વાંગ લંગ દુકાળનો સામનો કરે છે, પરંતુ જ્યારે જીવન ટકાવી રાખવા માટે બળદને મારીને ખાવો પડે છે એવી સ્થિતિ સર્જાય છે ત્યારે એની આંતરડી કકળી ઊઠે છે. જો પશુ પ્રત્યેનો પ્રેમ આટલો ઉદાત્ત હોઈ શકે તો અન્ય માનવી પ્રત્યેના સ્નેહનું તો પૂછવું જ શું ! **નિરામય આયુષ્ય** પ્રાપ્ત કરવા માટે માણસે **પ્રેમ** ઢોળવા માટે **આતુર** રહેવું જોઈએ.

પ્લેટોએ કહ્યું : 'Love is the pursuit of the whole.' - પ્રેમ એટલે અખિલાઈની આરાધના. એકતા અને અખિલતાનો મહિમા **નરસિંહ મહેતા**એ કહ્યો અને આપણને **વેદ-વેદાંતનો સાર** એક જ પંક્તિમાં આપી દીધો : **'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે...'**

પ્રેમ બધી જ ઝંખનાઓ, આશાઓ અને અરમાનોની ધોરી નસ છે. બધા જ સપના પાછળ, બધા જ અરમાનો પાછળ, બધી જ ઝંખનાઓ અને આકાંક્ષાઓ પાછળનો આશય માત્ર એક જ હોય છે પ્રેમ મેળવવાનો; જીવન પ્રેમ જ છે અને માણસ પ્રેમ માટે જ સર્જાયો છે. તો ચાલો આપણે મળીને પ્રેમની લ્હાણી કરીએ.

પ્રેમ... પરમાત્માએ મોકલેલો,માણસો માટેનો **અદ્‌ભુત અનુભવ** છે. આ અનુભવમાં બધું જ છે, નદીની ભીનાશ છે, ફૂલોની સુગંધ છે, સૂર્યનું તેજ છે તો શિયાળાનો ભેજ પણ છે. હવાનો સ્પર્શ છે, તો વરસાદનું વહાલ છે. વૃક્ષનો છાંયડો છે. આથી જ પ્રેમ કુદરતી છે. કારણ પરમાત્માના સર્વે અનુભવો, પ્રેમમાંથી પ્રગટ થાય છે અને આથી જ પ્રેમ એ પરમાત્માનું સ્વરૂપ છે.

એક સોસાયટીમાં બે **એકાકી માણસો** રહેતા હતા. એમાંના એક **વૈજ્ઞાનિક** હતા અને એક **નિવૃત વૃદ્ધ** સજ્જન. વૃદ્ધ હંમેશા આનંદમાં જ રહેતા. એમના ચહેરા પરથી ક્યારેય હાસ્ય અદશ્ય નહોતું થતું. જ્યારે વૈજ્ઞાનિક સદા ગંભીર જ હોય. સારા પ્રસંગે પણ એમનું મોં સોગિયું જ હોય.

એક દિવસ બંને એક બગીચામાં ભેગા થઈ ગયા. પેલા વૈજ્ઞાનિકને પણ વૃદ્ધની **પ્રસન્નતા વિષે પ્રશ્નો** હતા. એટલે તેમણે

વૃદ્ધને પૂછ્યું : ''આપ હંમેશા પ્રસન્ન જ રહો છો એનું રહસ્ય શું છે?''

વૃદ્ધના મુખ પરનું હાસ્ય વધારે વિશાલ બન્યું. એમણે કહ્યું : ''ભાઈ ! હું કાયમ પ્રસન્ન રહું છું એનું રહસ્ય એ છે કે, હું પ્રેમને સદા મારી સાથે રાખું છું. સવારે ઊઠતાવેંત હું નક્કી કરી લઉં છું કે આજના નવા દિવસની એક-એક ક્ષણ હું પ્રેમ બાંટતો રહીશ અને મેળવતો રહીશ. આખો દિવસ પ્રેમમાં જ વિતાવીશ. કારણ કે, આ દિવસ તો આજે જ પૂરો થઈ જવાનો છે. પછી પાછો આવવાનો નથી. તો પછી શા માટે મારે દુઃખી થઈને દિવસ બગાડવો જોઈએ?''



પ્રેમ એટલે શું ? - એમ કોઈ પૂછે તો એને કહેવાનું મન થાય કે **પ્રેમની વ્યાખ્યા ન કરાય. એને ચાખ્યા કરાય** ! પ્રેમમાં રમમાણ રહેતો માણસ **હસતા ફૂલો** જેવો લાગે છે જ્યારે પ્રેમથી વિમુખ માણસ **અસ્થિફૂલો** જેવો છે.

વૃદ્ધની વાત સાંભળી વૈજ્ઞાનિકને **આશ્ચર્ય** થયું. એણે પૂછ્યું : ''મહાશય ! પ્રેમ બાંટવાની વાત તો સાચી પણ પ્રેમ મેળવવો એ કંઈ થોડી આપણા હાથની વાત છે ? જિંદગીમાં પળોજણો કેટલી હોય છે. એમાંય તમારી પાસે તો એટલું ધન પણ નથી.''

વૃદ્ધે હસીને જવાબ આપ્યો : ''ભાઈ ! પ્રેમ મેળવવા ધનની જરૂર નથી પડતી. એ તો આપણી આસપાસ જ હોય છે. બસ, જરૂર છે એને શોધવાની. જેમ મરજીવો સાગરમાં ડૂબકી લગાવીને મોતી શોધી લાવે છે તેમ હું પ્રત્યેક વ્યક્તિના હૃદયમાં ઉતરીને પ્રેમ મેળવવા કોશિશ કરું છું. શરૂઆતમાં આ દિશામાં જહેમત લેવી પડે છે પછી આદત બની જાય છે. અને પ્રેમની આદત થઈ જાય પછી ક્યાંય પળોજણ રહેતી જ નથી. આખું વિશ્વ પ્રેમમય જ લાગે છે. તમે પણ આદત પાડી દો...''

પ્રેમ એટલે શું ? - એમ કોઈ પૂછે તો એને કહેવાનું મન થાય કે **પ્રેમની વ્યાખ્યા ન કરાય. એને ચાખ્યા કરાય !** પ્રેમમાં રમમાણ રહેતો માણસ **હસતા ફૂલો** જેવો લાગે છે જ્યારે પ્રેમથી વિમુખ માણસ **અસ્થિફૂલો** જેવો છે. પ્રેમને જેટલો જાણ્યો એટલો જ એ અજાણ્યો રહ્યો.

આપણા ઋષિમુનિઓ કહે છે કે, **'જો તમારે જીવનને પ્રેમમય બનાવવું હોય તો** જીવનના બધા જ વિસંવાદોને ગાળી નાખો. એ સિવાય **આનંદમય જીવનનું સર્જન** નહીં થઈ શકે.'

આપણા ઋષિઓના આ વાક્ય પરથી એમ લાગે છે કે, જાણે આપણા એ ઋષિમુનિઓ આધુનિક **મનોવિજ્ઞાન**ની **પરિભાષા**માં વાત કરતા હતા. **આનંદ** અને **સંવાદિતા** પરસ્પરના **પર્યાય** છે. છેવટે પ્રેમ એટલે શું ? હૃદયની એક ભૂમિકા. હૃદયમાં ઊઠતાં ભાવતરંગો, ભાવલહરી ! હૃદયના સ્પંદનો, કલ્પના અને એવું બધું.

જ્યાં સંવાદિતા હોય ત્યાં જીવનના તમામ અંશો, અંગો અને તત્ત્વો **સહયોગ**માં કામ કરે છે. આધુનિક જગતના મોટા ભાગના લોકોમાં સંવાદિતાનો અભાવ જોવા મળે છે. મનુષ્યોમાં પોતાની અંદરનો જ નહીં બહારની સંવાદિતાનો પણ અભાવ જોવા મળે છે. માણસની અંદર જ એકી સાથે કેટલાય તત્ત્વો, વિચારો અને લાગણી એક બીજા સામે ઘુરકીયા કરતા હોય છે, સામસામે ખેંચતાણ કરતા હોય છે. આવા વિસંવાદિતાભર્યા જીવનમાં બિચારો પ્રેમ કેટલો ટકી શકે?

યુગો પહેલા ઉપનિષદ્‌ના **પૌરઋષિ** પાસે એક **શિષ્ય** આવ્યો અને ગુરુજી પાસે હાથ જોડીને બેસી ગયો.

ઋષિએ એને આવકાર આપતા પૂછ્યું : ''વત્સ બોલો ! કેમ આવવું થયું ?'' શિષ્યે હાથ જોડી વિનંતિ કરતાં કહ્યું : ''ગુરુજી ! મહેરબાની કરી મને **જીવનદર્શન** આપો.''

**''પ્રેમ !''** ગુરુજી આંખો મીંચતા હળવાશથી બોલ્યા.

શિષ્યએ ફરી પૂછ્યું : ''ગુરુજી ! મારે જીવનદર્શન કરવું છે. આપને વિનંતિ છે કે મને જીવનદર્શન કરાવો.''

''બેટા ! પ્રેમ નામના એક શબ્દમાં આખું જીવનદર્શન આવી ગયું !'' ગુરુજીએ જવાબ આપ્યો.

''મને કંઈ સમજ ના પડી ગુરુજી ! વિગતે સમજાવો તો સારું !'' ''વત્સ ! આપણા સમગ્ર જીવનનું **કેન્દ્રબિંદુ** પ્રેમ જ છે. આપણું જીવન પ્રેમની આસપાસ જ વીંટાયેલું છે. આપણા જીવનનું **ઉદ્‌ભવસ્થાન** પણ પ્રેમ છે, **પ્રગતિ** પણ પ્રેમ જ છે અને અંત પણ પ્રેમ જ !''

પ્રેમના પ્રગટીકરણનું નામ **વિશ્વ** છે. પ્રેમને પામનાર વિશ્વને સમજે છે. વિશ્વમાંથી પોતે આનંદ પ્રાપ્ત કરી શકે છે અને વિશ્વને આનંદ આપી પણ શકે છે. પરંતુ આજકાલનું ચિત્ર કંઈક અલગ જ છે. આજે **કોમ્યુનિકેશન**ના સાધનો વધ્યા છે, પણ શું **કોમ્યુનિકેટ** કરવું તેની જ ખબર નથી પડતી. દરેક જણ કૌરસમાં 'કેમ છે?' પૂછે છે પણ સોલોમાં 'મજામાં છું'નો જવાબ નથી આપી શકતા. બે વ્યક્તિઓ મળે છે ત્યારે વ્યક્તિઓ નહીં, એકબીજાનું **સ્ટેટસ** મળે છે. એકબીજાના ઘરની **'નેઈમ પ્લેટ'** મળે છે.

પ્રેમ એટલે ઈન્ટરનેટનું ચેટિંગ નહિ, મોબાઈલ પર આવતા મિસકોલની હેડકી નહિ. પ્રેમ એટલે પરમાત્મા અને હું એમ

એક-મેકમાં એકાંતમાં ઓગળવું. વ્યસ્તતાની વચ્ચે આપણે આપણા મિત્રોને મળવું હોય છતાં પણ નથી મળી શકતા. ત્યારે પ્રભુમિલન તો ખાસ્સું દૂર લાગે, પરંતુ તેમ છતાં **પરમાત્મા પામવાનો 'એક્સપ્રેસ વે'** એટલે પ્રેમ...!!!

ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીને હંમેશા **અર્જુન** પાસે જવાની ટેવ હતી, તે જોઈને **રૂક્ષ્મણિજી**ને ઘણું ખોટું લાગતું અને વારંવાર કહેતા કે, "હું આપની સેવામાં હાજરને હાજર રહું છું. છતાં આપ અર્જુન પાસે હંમેશા દોડો છો, તો એવું તે અર્જુનમાં શું છે ?" એમ વારંવાર રૂક્ષ્મણિજીને સંતાપ થતો હતો. એક દિવસ ભગવાન શ્રીકૃષ્ણ હંમેશના નિયમ મુજબ અર્જુન પાસે જવાની તૈયારી કરતા હતા. તે દિવસે યાદવોને તેમની હાજરીની ખાસ જરૂર હતી. એટલે રોકાવા માટે તેઓએ તેમને આગ્રહ કર્યો. અને રાણીઓને પણ તે દિવસે કંઈક ઉત્સવનો પ્રસંગ હતો, તેથી રૂક્ષ્મણિ વગેરે પટરાણીઓએ પણ તેમને રોકાવા વિનંતિ કરી. છતાં હંમેશના નિયમ પ્રમાણે શ્રીકૃષ્ણચંદ્ર પ્રભુજી તો પાર્થ પાસે ગયા જ, પણ હઠાગ્રહને વશ થઈ રૂક્ષ્મણિજીને સાથે લેતા ગયા.

બંને અર્જુન પાસે પહોંચ્યા ત્યારે અર્જુન શિકારેથી થાકીને આવ્યા હતા. આથી સ્નાન કરીને પાટ પર સૂતા હતા. અને દ્રૌપદી એમના ભીના કેશ કોરા કરતા હતા. અર્જુન તો થાકને કારણે નિદ્રામાં સરકી ગયા હતા.

ભગવાન શ્રીકૃષ્ણને આવેલા જોઈને દ્રૌપદીજી તરત જ તેમના માટે આસન લેવા માટે અંદર ગયા. એટલે ભગવાન અર્જુન પાસે બેસી અર્જુનના કેશ કોરા કરવા લાગ્યા. શ્રીકૃષ્ણ પરમાત્માએ રૂક્ષ્મણિજીને ઈશારાથી સમજાવ્યું કે, વાળ કોરા થયા છે કે નહિ એની ખાતરી માટે ગાલે કેશ અડાડી જુઓ. આ પ્રમાણે સાંભળતા રૂક્ષ્મણિજીનો ગુસ્સો અતિ વધતો ગયો, પણ ભગવાનની આજ્ઞાને આધિન થઈ ગાલે કેશ લગાડતા અર્જુનના એક-એક વાળમાંથી **'કૃષ્ણ...કૃષ્ણ...'** એવો **સતત નાદ** થતો રૂક્ષ્મણિજીએ સાંભળ્યો. એટલે શ્રીકૃષ્ણ પરના પોતાના અતુલ **પ્રેમનું અભિમાન** ટળી ગયું. અને અર્જુનનો પરમાત્મા પર કેવો પ્રેમ છે એ સમજાઈ ગયું...!!!

અર્જુનનો એ પ્રેમ જ હતો, જેના કારણે ભગવાન એના સખા બન્યા. અને અર્જુનના પ્રેમની એ પરાકાષ્ઠા હતી કે ભગવાન એના સારથી બન્યા...!!!

પક્ષી માળામાં બંધાય છે, પશુ ખીલે બંધાય છે, મનુષ્ય વાસનાથી બંધાય છે અને ભગવાન ભક્તોના પ્રેમથી બંધાય છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં કંઈક આવો જ પ્રસંગ બન્યો છે.

હાલાર પ્રાંતના મૂઠી જેવડા જોડીયા ગામમાં **હરબાઈ** મહાપ્રેમી ભક્ત થઈ ગયા. તેઓ પ્રિયતમ ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શનની ચકોરની પેઠે વ્યાકુળતાથી રાહ જોતા હતા. વ્યાકુળતાના સીમાડા વટ્યા અને મહાપ્રભુ શ્રીહરિને જોડીયા જવા મજબુર કર્યા.

એ વખતે ભાદરામાં બિરાજમાન શ્રીજીમહારાજ પોતાના પ્રેમી ભક્તના કોડ પૂરા કરવા જોડીયા પધાર્યા. ભગવાન શ્રીહરિને પોતાને આંગણે આવેલા જોઈને હરબાઈ તો હરખઘેલા થઈ ગયા. સુંદર ઢોલિયો ઢાળીને પ્રિયતમ શ્રીહરિને પધરાવ્યા. સામે ઢીંચણ ભેર નીચે બેસીને પ્રેમ નીતરતી નજરથી શ્રીજીમહારાજ સામે જોઈ જ રહ્યા. જાણે હમણા આંખોથી આખેઆખી મૂર્તિને પી જશે...! એટલો પ્રેમ મહાપ્રભુ શ્રીહરિ પ્રત્યે એમની આંખોમાં છલકતો હતો. યુગોની અબળખાં આજે શમી હોય એવું લાગતું હતું.

શ્રીજીમહારાજને નીરખવામાં ઘણો સમય વ્યતીત થઈ ગયો છે એનું હરબાઈને ભાન જ ન રહ્યું. જગદીશ્વર શ્રીહરિને જોતા જોતા જગત વીસરી ગયા ને મૂર્તિમાં ગુલતાન થઈ ગયા.

થોડીવારે મેઘ જેવા ગંભીર સ્વરથી શ્રીજીમહારાજ બોલ્યા : "હરબાઈ ! અમને જોયા જ કરશો કે જમવાનું પણ પૂછશો ? અમે ખૂબ જ ભૂખ્યા થયા છીએ, તેથી અમારા માટે રસોઈ નહીં બનાવો...!!!" હરબાઈ બોલ્યા : "અરેરે મહારાજ ! હું તો કેવી ઘેલી છું ? એ તો હું ભૂલી જ ગઈ ! બસ, આપ થોડીવાર આરામ કરો હું હમણાં જ આપના માટે સુંદર ભાત-ભાતના વ્યંજન સાથે થાળ તૈયાર કરું છું."

હરબાઈએ તો અનેકજાતના મસાલા સાથે હૈયાનો ભાવ ભેળવીને ઘઉં-ચણાના પુડલા અને વ્યંજનો મહારાજ માટે બનાવ્યા ને ભગવાન શ્રીહરિને ખૂબજ પ્રેમથી આગ્રહ કરી-કરીને જમાડ્યા તૃપ્ત કર્યા.

ભાવથી બનાવેલી રસોઈની શ્રીજીમહારાજે ખૂબજ પ્રશંસા કરી અને કહ્યું : "અમારા માટે આવી જ રસોઈ બનાવજો. આવી રસોઈ તો અમે ક્યારેય જમ્યા જ નથી." પછી હરબાઈ કાયમ ઘઉં-ચણાના પુડલા ને જાત-જાતના વ્યંજન બનાવીને શ્રીજીમહારાજને નેહ નીતરતે હૈયે જમાડે ને સહજાનંદી સલૂણી મૂર્તિને નેણા ભરી-ભરીને નીરખતા નીરખતા અંતરમાં ઉતારે ને અંતરની યુગોની પ્યાસને બુજાવે.

એકદિવસ હરબાઈ હરખભેર થાળ બનાવતા હતા ને ભગવાન શ્રીહરિ તળાવે નહાવા પધાર્યા હતા. એ જ સમયે ભુજથી **સુંદરજીભાઈ** આ ગામમાં આવ્યા હતા. તેને શ્રીજીમહારાજ રસ્તામાં ભેગા થઈ ગયા.

સુંદરજીભાઈએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પછી ચરણસ્પર્શ કરતા બોલ્યા : "મહારાજ ! મારા ધન્યભાગ્ય આજે આપના દર્શન થઈ ગયા. પ્રભુ ! એક વિનંતિ છે."

"બોલો સુંદરજીભાઈ ! શું કહેવું છે ?" મહારાજ બોલ્યા.

"પ્રભુ ! આપ ઘણા વખતથી ભુજ નથી પધાર્યા. તેથી ત્યાંના ભક્તો આપના દર્શનની ખૂબજ ઈચ્છા રાખે છે માટે આપ જો

ભુજ પધારો તો સારું.'' સુંદરજીભાઈએ સવિનય કહ્યું.

મહારાજ કહે : ''ભલે ચોક્કસ આવીશું.''

ભગવાન શ્રીહરિનો આશાસ્પદ ઉત્તર સાંભળી પોતાના હૈયાના હરખને છૂપાવવાનો નિષ્ફળ પ્રયાસ કરતા સુંદરજીભાઈ બોલ્યા : ''મહારાજ ! આજે જ ભુજના વહાણ ઉપડવાના છે, જો આપની ઈચ્છા હોય તો અત્યારે જ પધારો.''

મહાપ્રભુ શ્રીહરિ પણ હરબાઈનો પ્રચંડ પ્રેમ જગતમાં જાહેર કરવા માંગતા હોય એમ સહજતાથી બોલ્યા : ''એ તો બહુ સારું, તો ચાલો અત્યારે જ જઈએ.''

એમ કહીને બંદરે આવ્યા. ત્યાં વહાણોની બહુ મોટી કતાર જોઈને શ્રીજીમહારાજે સુંદરજીભાઈને કહ્યું : ''સુંદરજીભાઈ ! તમે ક્યું વહાણ બાંધ્યું છે ?''

ત્યારે તેમણે એક નાવિક તરફ આંગળી ચીંધીને કહ્યું : ''મહારાજ ! પેલાનું વહાણ બાંધ્યું છે.''

ભગવાન શ્રીહરિ તે **નાવિક** પાસે ગયા અને કહ્યું : ''ક્યું તારું વહાણ છે ?''

નાવિક મહાપ્રભુ શ્રીહરિ સાથે થોડા ડગલા ચાલીને એક વહાણ પાસે પહોંચ્યો અને કહ્યું : ''આ આપણું વહાણ !''

શ્રીજીમહારાજ કંઈક ઊંડો મરમ કરતા હોય એમ બોલ્યા : ''તારું આ **વહાણ** ડૂબે કે ન ડૂબે ?''

નાવિક કહે : ''અરે મહારાજ ! વર્ષોથી આ વહાણથી દરિયાની ખેપ મારું છું. કેટ-કેટલાય તોફાન માથેથી વયા ગયા, તેમ છતાં આ વહાણ ડૂબ્યું નથી.''

મહાપ્રભુ શ્રીહરિએ મરમને વધુ રહસ્યમય બનાવતા કહ્યું : ''બહુ તોફાન આવે તો કોઈના વહાણ ડૂબેલા ખરા ?''

નાવિક કહે : ''સો માંથી એકાદું વહાણ ડૂબે !''

શ્રીજીમહારાજ ગંભીર ચહેરો બનાવીને બોલ્યા : ''એ સો માંથી એક વહાણ આ વખતે તારું હોય તો...!''

નાવિક હસતાં હસતાં બોલ્યો : ''બાવાજી ! ફીકર રાખશો મા, વર્ષોના અનુભવ પછી કહું છું વહાણ હું નહિ ડૂબવા દઉં.''

ભગવાન શ્રીહરિ કહે : ''તો હવે અમે બેસીએ.''

''હા, હા ! બાવાજી ! બેસો ઝટ. બીજા મુસાફરો ઉતાવળા થાય છે.'' નાવિક જરા અકળાઈને બોલ્યો.

સુંદરજીભાઈની સાથે શ્રીજીમહારાજ વહાણમાં બેઠા. હજુ **બે ગાઉ જેટલું** માંડ **આગળ** વધ્યું હશે ત્યાં આ બાજુ પ્રિયતમ શ્રીહરિ સ્નાન કરીને ઘેર પાછા ન આવ્યા એટલે હરબાઈને ચિંતા થઈ. વાલમ હજુ આવ્યા નહિ.

ભુજથી સુંદરજીભાઈ આવવાના હતા એ યાદ આવ્યું ને પેટમાં **ફાળ** પડી 'પ્રભુ છે તો સાવ ભોળા સુંદરજીભાઈ એમને ભોળવીને ભુજ તો નહીં લઈ ગયા હોય ને ?'

આવું વિચારતાં વિચારતાં એ જ ઘડીએ હરબાઈ ધ્યાનમાં બેઠા ને શ્રીજીમહારાજમાં વૃત્તિ લગાડી. એટલે તરત જ ખબર પડી કે ભગવાન શ્રીહરિ તો સુંદરજીભાઈની સાથે વહાણમાં બેઠા છે. હૃદયમાં **વલોપાત** સર્જાયો : 'મારા પ્રેમમાં એવી તે શું ખામી રહી ગઈ કે મારો બનાવેલો થાળ જમ્યા વિના મને મૂકીને પિયુ હાલી નીકળ્યા ? પણ હું ય એની ભક્તાણી છું એમ તે શેની જવા દઉં ?'

હરબાઈએ મનમાં ને મનમાં એમ નિશ્ચય કરીને પોતે વાયુરૂપે થઈ ગયા ને વહાણની આજુબાજુમાં વંટોળા રૂપે ફરવા લાગ્યા. વહાણ ડોલવા લાગ્યું... ડૂબવા લાગ્યું... વહાણમાં બેઠેલા મુસાફરો 'ડૂબ્યું... ડૂબ્યું... બચાવો... બચાવો...' એમ બૂમો પાડવા લાગ્યા.

પેલો નાવિક ભગવાન શ્રીહરિ પાસે આવ્યો ને પોતાનો રોષ ઠાલવતો બોલ્યા લાગ્યો : ''આ બાવાએ મારા વહાણને કંઈક કરી નાખ્યું છે. કંઈક મંત્ર-તંત્ર કર્યા છે એટલે જ તોફાન આવ્યું છે. હવે મને સમજાયું કે તે બંદર ઉપર વારંવાર કેમ પૂછતો હતો. તારું વહાણ ડૂબે કે ન ડૂબે ? બધો વાંક આ બાવાનો જ છે.''

શ્રીજીમહારાજ તો જાણે કંઈ જાણતા જ ન હોય એમ ભોળા બની ગયા અને બોલ્યા : ''અમે કંઈ મંત્ર-તંત્ર જાણતા નથી ને અમે કાંઈ કર્યું નથી. તેમ છતાં તને જો અમારા ઉપર વિશ્વાસ ન હોય તો આ રહ્યું તારું વહાણ !'' એમ કહીને કૂદકો મારીને મહારાજ દરિયામાં પડ્યા.

સુંદરજીભાઈ તો હેબતાઈ ગયા. અને વિચારવા લાગ્યા કે 'મહારાજ વગર હું જીવીને શું કરું ?' એમ વિચારીને તે પણ દરિયામાં પડ્યા.

તરત તોફાન શાંત થઈ ગયું ને વહાણ તો સરરર કરતું પાણીમાં આગળ સરી ગયું.

આ બાજુ શ્રીજીમહારાજ અને સુંદરજીભાઈ બંને કિનારા ઉપર જ ગોઠણભેર પાણીમાં બહાર નીકળ્યા. સુંદરજીભાઈએ જોયું તો બંનેના વસ્ત્ર કોરા ધાકડ હતા.

આશ્ચર્યથી ભગવાન શ્રીહરિ સામે જોઈને બોલ્યા : ''મહારાજ ! આપનું આ ચરિત્ર કંઈ સમજાયું નહિ !''

ત્યારે શ્રીજીમહારાજ કહે : ''સુંદરજીભાઈ ! હરબાઈના હેતને ન ગણકારીને તેનો થાળ પડતો મૂકીને તેની રજા વિના તમારી સાથે અમે ચાલી નીકળ્યા તેનું આ પરિણામ છે.''

સુંદરજીભાઈ બોલ્યા : ''પ્રભુ ! હું કંઈ સમજ્યો નહિ.''

મહાપ્રભુ શ્રીહરિ કહે : ''દરિયામાં તોફાન આવ્યું હતું એ તો હરબાઈ તોફાનનું રૂપ ધારણ કરીને અમને રોકવા આવ્યા હતા. એમનો પ્રેમ જ એવો છે કે અમને પાછા આવવા મજબુર કર્યા.''

આમ, વાતો કરતા કરતા શ્રીજીમહારાજ અને સુંદરજીભાઈ ફરી પાછા હરબાઈને ઘેર પધાર્યા.

હરબાઈ તો ડેલે જ વાટ જોઈને ઊભા હતા. હરબાઈને

જોઈને મહારાજ થોડા શરમાયા.

હરબાઈ બોલ્યા : "મહારાજ ! તમારી સાથે **પ્રીતડી** બાંધી છે તેને છોડીને મારી રજા સિવાય તમે એમ ક્યાંથી જતાં રહેવાના હતા...!!"

શ્રીજીમહારાજ મંદહાસ્ય કરતા બોલ્યા : "સાચી વાત છે હરબાઈ ! અનંત જીવાત્માઓને માયાના બંધનમાંથી છોડાવનારા અમે પણ તમ જેવા પ્રેમીભક્તોના **પ્રેમના પાશમાં** એવા તો બંધાય જઈએ છીએ કે છૂટવા ધારીએ તો પણ છૂટી નથી શકતા. અને સાચું કહું તો અમે પ્રેમપાશમાંથી છૂટવા માંગતા પણ નથી. અમને એમાં જ **આનંદ** આવે છે...!!!"

હરબાઈ હસતાં હસતાં શ્રીજીમહારાજને ઘરમાં લઈ ગયા ને હરખભેર જમાડ્યા. પછી સુંદરજીભાઈને પણ જમાડ્યા.

થોડા દિવસ ભગવાન શ્રીહરિ ત્યાં રોકાયા પછી હરબાઈએ ભારે હૈયે મહારાજને વિદાય આપી ને સલૂણી મૂર્તિ કાયમ માટે હૃદયમાં ધારી લીધી.

પ્રેમને માપવાનો કે પામવાનો ક્યાં કોઈ રસ્તો હોય છે, અનુભૂતિ કે અભિવ્યક્તિ અલગ પણ પ્રેમ તો વરસતો જ હોય છે.

પરમાત્મા હંમેશા પ્રેમીની પાછળ જ હોય છે, પણ શરત એટલી કે પ્રેમ **નિષ્કામ** હોવો જોઈએ. અને આમેય જેમાં કોઈ આકાંક્ષા કે અપેક્ષા હોય તેને પ્રેમ કહેવાય જ શેનો ? હા, સકામભાવથી પણ જો ભગવાનમાં મન જોડ્યું હોય તો પણ ભગવાન તો એને સુખિયો કરે જ છે. પરંતુ પેલી કામના એમાંથી દિવ્ય પરમાનંદની અનુભૂતિમાં આડશ બની જાય છે. પછી એ કામના અલૌકિક હોય તોપણ શું થયું ? કામના તો કામના જ છે. જ્યાં સુધી કોઈ પણ પ્રકારની કામના છે ત્યાં સુધીનો અર્થ તો સ્પષ્ટ છે કે, તમારું મન તમારી પાસે છે. હજુ ભગવાનને અર્પણ નથી કર્યું અને આ મન જ ભગવાનનો દિવ્ય અલૌકિક આનંદ ગ્રહણ નથી કરવા દેતું.

જે ભગવાનને નિષ્કામ પ્રેમ કરે છે તે જ સર્વોત્તમ છે અને પૂર્ણકામ છે અને ભગવાનના હૃદય સમાન છે. તેનો પ્રેમ ક્ષણ-ક્ષણ પ્રત્યે વૃદ્ધિ પામે છે; ગંગાના પ્રવાહની પેઠે કોઈ અંતરાયનો રોક્યો રોકાતો નથી, દેશકાળાદિ વિઘ્નોથી તેનો પ્રેમ ઘટતો નથી. એવા પ્રેમીભક્તની ઈન્દ્રિયો અને અંતઃકરણની વૃત્તિઓ સહેજે પરમાત્મામાં જ વર્તે છે. બીજે તેમને આસક્તિ થતી નથી. જગતના અતિરમણીય પદાર્થો તે અતિ દુઃખદાયી સમજે છે. ભગવાનના સંબંધ વિનાના પુષ્પહાર-આભૂષણ તે તેમને સર્પ જેવા તેમજ દૂષણરૂપ લાગે છે. એમ બધા ભોગો જે ભગવાનના સંબંધથી રહિત હોય તે તેમને દુઃખરૂપ થઈ પડે છે. આંતર અને બાહ્ય તે ભક્તને સદા-સર્વદા એક ભગવાનની જ સ્મૃતિ રહે છે.

ક્યારેક ભગવાનની મૂર્તિ સ્ફુરિત થાય ત્યારે તે હસે છે, નૃત્ય કરે છે.... 'જય હો.... જય હો...'ના નાદ પોકારી ઊઠે છે.

ક્યારેક ભગવાનને પોતાનાથી દૂર ગયા માની વિરહથી રૂદન કરે છે, તો ક્યારેક સમીપમાં જાણી આનંદવિભોર થઈ જાય છે. ક્યારેક પરમાત્મા સાથે વાતો કરે છે તો ક્યારેક સાષ્ટાંગ પ્રણામ કરે છે. ક્યારેક મૌન ઊભા રહે છે, ક્યારેક અપરાધની ક્ષમા માગે છે, તો ક્યારેક પ્રેમને પરવશ થઈ નિર્લજ્જપણે ઉચ્ચે સ્વરે કીર્તન ગાય છે.


જગત રહે ત્યાં સુધી **પ્રેમની સરવાણી** વહેવડાવા માટે શ્રીજીમહારાજ **ગઢપુરમાં** વિશાળ **મંદિરનું નવનિર્માણ** કરાવી રહ્યા છે. સૌ સંતો-હરિભક્તો પોતાના હૈયા રેડીને સેવા કરી રહ્યા છે. ચંદ્રની કળાની ગતિથી મંદિર પ્રતિદિન સાકાર થતું જાય છે. સૌ સંતો-ભક્તોના નિર્મળ અંતઃકરણમાં સહજાનંદ સુજાણ પ્રત્યે પ્રેમ પણ ક્ષણે-ક્ષણે વૃદ્ધિ પામતો જાય છે.

એકવખત બપોરના સમયે ભગવાન શ્રીહરિ સંતો સહિત ઘેલાને કાંઠે પથ્થર એકઠાં કરવા પધાર્યા છે. હવે તો સાંજ ઢળવા આવી છે. પથ્થરોના ઘણા ઢગલાં ખડકી દીધા છે. બધા હવે થાક્યા એટલે વિશ્રાંતિ લેવા પથ્થરના એક ઢગલા ઉપર શ્રીજીમહારાજ બેઠાં અને સામેના ઢગલા ઉપર સંતો બેઠા.

મહાપ્રભુ શ્રીહરિ કહે : "સંતો અહીં આ ઢગલા ઉપર બેસો." એમ કહીને મહારાજે સંતોને પોતે જે ઢગલા ઉપર બેઠા હતા ત્યાં બોલાવ્યા. (આમેય પ્રેમીભક્તોથી દૂર રહેવું ભગવાનને પરવડે ખરું ?)

ત્યારે સંતો કહે : "મહારાજ ! ગામ ફરે કે ગાડાં ? અમે બધા ઊભા થઈને ત્યાં આવીએ એના કરતા આપ એક જ અહીં પધારો ને ! અને ત્યાં કરતા તો અહીં બેસવું વધારે અનુકૂળ છે." એમ કહીને સંતોએ પોત-પોતાની ચાદરો પાથરી દીધી.

'પ્રેમમાં થોડી પજવણી ભળે તો પ્રેમીનો આનંદ કંઈક ઓર જ ઊભરે ચઢે.' એવું જાણનાર માણીગર માવો આજ પોતાના પ્રેમી સંતો ઉપર પ્રેમની લ્હાણી કરતા હોય એમ મીઠી રકઝક



પરમાત્મા હંમેશા પ્રેમીની પાછળ જ હોય છે, પણ શરત એટલી કે પ્રેમ **નિષ્કામ** હોવો જોઈએ. અને આમેય જેમાં કોઈ આકાંક્ષા કે અપેક્ષા હોય તેને પ્રેમ કહેવાય જ શેનો ? હા, સકામભાવથી પણ જો ભગવાનમાં મન જોડ્યું હોય તો પણ ભગવાન તો એને સુખિયો કરે જ છે.

કરવા લાગ્યા...!! શ્રીજીમહારાજ કહે 'તમે બધા અહીં આવો' અને સંતો કહે 'મહારાજ તમે જ અહીં પધારો.'

બરાબર રકઝક જામી અને બ્રહ્માનંદ સ્વામીનું પ્રેમી હૈયું હિલોળે ચડ્યું. શીઘ્રકવિ તો પોતે હતા જ અને એમાં વળી પ્રેમ ભળ્યો. હૈયું ઊભરાયું... બદન ટટ્ટાર થઈ ગયું... જમણો હાથ શ્રીજીમહારાજ તરફ લાંબો થયો... લોકલાજ વિસરાઈ ગઈ... ઘણા બધા સંતો-ભક્તો અહીં બેઠા છે એ પણ ભૂલાઈ ગયું. મસ્તીભરી મૃતિનું જ સંધાન સધાઈ ગયું અને મુખમાંથી મીઠા સ્વરોના સથવારે શબ્દો સરી પડ્યા : **'ઓરા આવો મારા લેરખડા લહેરી, કીધો તમ સારુ મે જગ વેરી...'**

આ કીર્તનરૂપે ભગવાન શ્રીહરિને અપાયેલ **મીઠો ઠપકો** સમજો કે **વિનંતિ** સમજો કે પછી એક પ્રેમીની **ફરમાઈશ** સમજો. જે સમજો તે પણ એક-એક શબ્દ બ્રહ્માનંદ સ્વામીના હૈયામાં સ્ફુરેલા પ્રેમના મહાસાગરમાં ઝબોળાઈ-ઝબોળાઈને આવતો હતો. કીર્તનના ભાવાર્થમાં **પ્રેમ**ના **અધિકાર**નો કેવો રણકો વાગે છે ! અહીં 'ઓરા આવો લાડીલા લાલ...' અમે તમારા માટે આખા જગતના બધા સુખને વેરી ગણીને છોડી દીધા તો હવે જરા ઓરા આવીને તમારા દર્શ-સ્પર્શનું સુખ નહિ આપો ?!



જે ભગવાનને નિષ્કામ પ્રેમ કરે છે તે જ સર્વોત્તમ છે અને પૂર્ણકામ છે અને ભગવાનના હૃદય સમાન છે. તેનો પ્રેમ ક્ષણ-ક્ષણ પ્રત્યે વૃદ્ધિ પામે છે; ગંગાના પ્રવાહની પેઠે કોઈ અંતરાયનો રોક્યો રોકાતો નથી, દેશકાળાદિ વિઘ્નોથી તેનો પ્રેમ ઘટતો નથી.

આવા **પ્રેમ પ્રહાર**થી જો ઘાયલ ન થાય તો તો શ્રીજીમહારાજ ભગવાન જ શેના કહેવાય ? પહેલું પદ પૂરું થયું ત્યાં તો મહારાજને બ્રહ્મમુનિના પ્રેમે ખેંચી લીધા. અને સંતોના સમૂહની વચ્ચે જઈને શ્રીજીમહારાજ બેસી ગયા. પછી જાણે કરુણાનીધિની નેહ નીતરતી મૂર્તિને આંખોથી પી જતા હોય એમ ત્રણ પદોથી સ્વામીએ મહારાજને આસ્વાદ્યા. અને પછી ભગવાન શ્રીહરિ બ્રહ્માનંદ સ્વામી સહિત બધા સંતોને અંકભર ભેટ્યા...!!! ભવબ્રહ્માદિક કોઈને ક્યારેય મળ્યું હશે આવું સુખ ? ન જ મળ્યું હોય ને ! કારણ કે, એના માટે તો **નિષ્કામ પ્રેમી** થવું પડે...!!!

**'મોહબ્બત ઔર મૌત દોનો હિ બિન બુલાયે મહેમાન હોતે હૈ,**
**બિન બુલાયે મહેમાન હોતે હૈ,**
**કબ આ જાયે કોઈ નહિ જાનતા ।**
**લેકિન દોનોં કા એક હિ કામ હૈ,**
**એક દિલ લે જાતા હૈ તો દૂસરા ધડકન ।**
**દોનોં મેં એક ઓર ભી સામ્ય હોતા હૈ,**
**કી દુનિયાદારી હો જાતી હૈ કોશો દૂર ॥'**

પ્રેમીને દુનિયાની લાજ-શરમ તો કંઈ હોતી જ નથી, પણ દુનિયાદારીની મર્યાદા પણ પ્રેમીને પજવી શકતી નથી. એને દુનિયા પાસેથી કંઈ યાચના પણ નથી હોતી કે કોઈ ફરિયાદ પણ નથી હોતી. એનાથી આગળ કહીએ તો સાચા ભગવત્પ્રેમીની દૃષ્ટિમાં દુન્યવી કોઈ પદાર્થ દેખાતું જ નથી. એને તો સર્વત્ર સર્વેશ્વર જ દેખાય છે અને એનાથી પણ ઊંચી **પ્રેમની પરાકાષ્ઠા** એ છે કે 'અહં' ઓગળી જાય છે. અને પોતાનું અસ્તિત્વ પણ વિસરાઈ જાય છે. પછી પ્રેમીની જે સ્થિતિ સર્જાય છે તેનું જીવંત ઉદાહરણ સ.ગુ. શ્રી **મુક્તાનંદ સ્વામી** છે. સ્વામીએ પોતાના અનુભવ કીર્તનની એક પંક્તિમાં પ્રેમીની (પોતાની જ !) આવી સ્થિતિ હૂબહૂ રજૂ કરે છે. સ્વામી કહે છે :

**'જ્યાં જુએ ત્યાં રામજી બીજું ન ભાસે રે,**
**ભાત્ય દેખી ભૂલે નહીં અનુભવ ઉજાસે રે...**
**અનુભવીને અંતરે રહે રામ વાસે રે,**
**તે બોલે તે સાંભળે દૃષ્ટિ પ્રકાશે રે.'**

કંઈક આવી જ સ્થિતિ **વ્રજની ગોપાંગનાઓ**ની હતી. અક્રૂરજી ભગવાન શ્રીકૃષ્ણને મથુરા લઈ જતા હતા ત્યારથી. જ્યારે રથ વ્રજથી મથુરા જતો હતો તે દિવસથી ભાવ-વિભોર વ્રજાંગનાઓ અક્રૂરના રથને રોકવા માટે અસ્ત-વ્યસ્ત વેશમાં જ વ્રજના ચોકમાં આવી ગઈ હતી. 'હું એકદિવસ જરૂર પાછો આવીશ' એવો વાયદો આપીને શ્રીકૃષ્ણના વ્રજત્યાગ પછી સતત કૃષ્ણવિરહી ગોપીઓ પોત-પોતાના ઘરોમાં પ્રત્યાવર્તન માટે અસમર્થ હતી. સતત **'હા કૃષ્ણ... હા કૃષ્ણ...'** પુકારતી કુંજગલીઓમાં જ તપ્ત **અશ્રુપાત** કર્યા કરતી હતી.

આ બાજુ મથુરામાં રાજવૈભવમાં પણ ભગવાન શ્રીકૃષ્ણને વ્રજના પ્રેમનો ખજાનો ક્યાંય દેખાતો નહોતો. મથુરાની સુખ-સાહ્યબીથી ઉદાસ થઈને શ્રીકૃષ્ણ પરમાત્મા વૃંદાવનની ચિંતામાં નિતાંત વ્યાકુળ હતા. એમાં પણ નિત્ય પ્રાતઃ સમયે જ્યારે શ્રીકૃષ્ણ યમુના સ્નાન માટે જાય ત્યારે એમની વિરહ વેદના બમણી થઈ જતી હતી. એને એનું ગોકુળ ખૂબ યાદ આવતું હતું. શ્રીકૃષ્ણ રાજ્યસભામાં બેઠા હોય પણ રાજકાજમાં એમનું મન નહોતું પરોવાતું.

એક દિવસ તો ભર્યા દરબારમાંથી શ્રીકૃષ્ણ ઊભા થઈ, દોડીને પોતાના અંગત પ્રકોષ્ઠમાં જતા રહ્યા. પ્રભુનું આવું વર્તન જોઈ આશ્ચર્યચકિત ઉધ્ધવજી પણ થોડીવાર પછી શ્રીકૃષ્ણની પાછળ-પાછળ ગયા. જઈને જોયું તો શ્રીકૃષ્ણ પ્રભુ બંને હાથથી

મોં છુપાડીને ચોધાર આંસુએ રડતા હતા. ઉધ્ધવજીએ હળવેથી શ્રીકૃષ્ણનો ચરણસ્પર્શ કરીને પૂછ્યું : "પ્રભુ ! શું થયું ?"

ભગવાન શ્રીકૃષ્ણે ઉધ્ધવજીના બંને હાથને પોતાના બંને હાથથી પકડતાં તીવ્ર વેદનાથી વ્યાકુળ ગદ્‌ગદ્ કંઠે કહ્યું : "ઉધ્ધવ ! મને મારું વ્રજ અને મારા વ્રજવાસીઓ બહુ યાદ આવે છે."

ઉધ્ધવજી તો **દિગ્મૂઢ** થઈ ગયા. વિચારમાં ઊંડા ઉતરી ગયા. આ હા ! જે ભગવાનને પામવા માટે આખું જગત **વ્યાકુળ** છે એ પરમાત્મા આજે વ્રજની અભણ ગોપાંગનાઓ માટે વ્યાકુળ...! આખીર વ્રજાંગનાઓ પાસે એવું ક્યું તત્ત્વ છે કે જેનાથી શ્રીકૃષ્ણ જેવા પરમતત્ત્વને પણ એ વ્યાકુળ કરી શકે છે ?

ઉધ્ધવજીને પોતાની એકદમ નજીક બેસાડી તેના બંને હાથ પોતાના હાથોથી દબાવીને અતિવિહ્વળતાથી શ્રીકૃષ્ણ બોલ્યા : 'गच्छोद्धव व्रजं सौम्य पित्रोर्नो प्रीतिमावह । गोपीनां मद्वियोगाधिं मत्संदेशैर्विमोचय ।।' - "હે સૌમ્ય ઉધ્ધવ ! તું વ્રજમાં જા અને માતા વ્રજેશ્વરી યશોદા પિતા વ્રજેશ્વર નંદ અને ગોપીઓ જે રીતે આનંદ પ્રાપ્ત કરી શકે એવું કંઈક કર." (શ્રીમદ્ ભાગવત : ૧૦/૪૬/૩)

'ता मन्मनस्का मत्प्राणा मदर्थे त्यक्तदैहिकाः । मामेव दयितं प्रेष्ठमात्मानं मनसा गताः ।।' - "ઉધ્ધવ ! વ્રજવાસીઓ મારું મન છે, મારો પ્રાણ છે, મારા માટે તેમણે દેહભાવ છોડી દીધા છે. મન અને આત્માથી મને જ તેમણે **પ્રિયતમ** ગણ્યો છે. એટલે મારા પણ તે પ્રિયતમ છે." (શ્રીમદ્ ભાગવત : ૧૦/૪૬/૪)

"ઉધ્ધવ ! એ બધાને છોડીને તરછોડીને હું અહીં રાજવૈભવમાં આવી ગયો પણ આ એકેય વૈભવ-સંપતિ-ધનમાં મારું મન ખૂંચતું નથી. સૂતાં-ઉઠતાં-બેસતા-ખાતા-પીતા, રાજકાજ કરતા મને એકજ વાત સતાવે છે કે મારા વગર એક પલકમાત્ર સમય જેને યુગ જેવો લાગે એવી મારી મા યશોદા, બાબાનંદ, પ્રિયસખી રાધે અને ગોપાંગનાઓની સ્થિતિ મારા વગર કેવી થઈ હશે ? એ કેમ રડી રડી અને ઝૂરી ઝૂરીને દિવસો કાઢતી હશે ? ઉધ્ધવ ! હું મજબુર છું, માટે અત્યારે વ્રજ જઈ શકું તેમ નથી. એ તું ખૂબ સારી રીતે જાણે છે. માટે આપણી મૈત્રીને નાતે મારું આ એક નાનકડું કામ તું કરી દે. એકવાર વ્રજમાં જઈને મારો સંદેશો આપી દે. વ્રજાંગનાઓને થોડી શાતા વળશે."

ભગવાન શ્રીકૃષ્ણના કહેવાથી ઉધ્ધવ વ્રજમાં ગયા તો ખરા પણ પોતાની વિદ્વત્તાનું પોટલું સાથે લેતા ગયા. ગોપીઓના સાગર જેવા **અગાધ પ્રેમ**ની આગળ વિદ્વતારૂપી મીઠાનું પોટલું શું ઝીંક ઝીલી શકવાનું ?

ઉદ્ધવ શાસ્ત્રની સાક્ષાત મૂર્તિ છે અને જ્ઞાનાલોકના સાધક છે. ઉદ્ધવની એવી સ્પષ્ટ માન્યતા છે કે સત્યસ્વરૂપ પરમતત્ત્વનું દર્શન જ્ઞાનથી જ થાય છે. પરંતુ ઉદ્ધવ એ રહસ્યને નથી જાણતા કે જ્ઞાન પ્રકાશ સ્વરૂપ ચોક્કસ છે. પરંતુ કોઈક વસ્તુ એવી હોય છે કે એ કેવળ અંધકારમાં જ દેખાય. પૃથ્વીના પટ પર જેટલા પણ પદાર્થ છે તે બધાને જોવા માટે પ્રકાશની જરૂર પડે છે. પરંતુ અનંત ગગનના ચોકમાં જે અસંખ્ય તારલાઓ છે એ તો અંધકારમાં જ જોઈ શકાય છે. જગતમાં જો ફક્ત અજવાળું જ હોત; અંધારું હોત જ નહિ તો આપણે ક્યારેય નભમંડળની રંગોળી સમા અગણિત નક્ષત્રમંડળોના વિચિત્ર રાજ્યના સંવાદને જાણી શક્યા ન હોત...!!!

સૂર્યાસ્ત પછી જ્યારે અંધકારનું સામ્રાજ્ય છવાઈ જાય છે ત્યારે જ નક્ષત્રોનું રૂપ પ્રસ્ફુરિત થાય છે. જો કોઈ વ્યક્તિના જીવનનું એ વ્રત હોય કે મારે સર્વદા ઉત્તર દિશામાં સ્થિર ધ્રુવ નક્ષત્ર પર જ મારી દૃષ્ટિ સ્થિર કરીને રાખવી છે, તો રાત્રે તો એ ચોક્કસ ધ્રુવદર્શન કરી શકશે. પરંતુ સવારનો ઊગતો સૂર્ય તેના વ્રતમાં બાધક થશે. પ્રકાશાકાંક્ષી મનુષ્યની તપસ્યામાં પ્રકાશનું ગૌરવસ્તંભ જ બાધક થશે.

વ્રજાંગનાઓ એકમાત્ર એ ભાવનાથી કે 'કૃષ્ણ મારા છે.' નિર્નિમેષ દૃષ્ટિથી કૃષ્ણરૂપ ધ્રુવ નક્ષત્રને જોઈ રહી છે. શાસ્ત્રરૂપી સૂર્યની મયૂખમાળા એમના માટે સંપૂર્ણ અવરોધરૂપ છે. ઉદ્ધવની **જ્ઞાન સંપદા** ગોપીઓ માટે માત્ર અબોધ્ય જ નહિ, બાધક પણ છે. બસ, 'કૃષ્ણ મારા છે' અને 'હું કૃષ્ણની છું' એ ભાવના ગોપીઓના હૃદયમાં ઓત-પ્રોત વ્યાપ્ત છે. આનાથી ભિન્ન કોઈ અન્ય ભાવનાના પ્રવેશ માટે એમના હૃદયમાં જગ્યા જ નથી.

આવી સ્થિતપ્રજ્ઞ ગોપી પાસે જઈ ઉદ્ધવે પોતાના જ્ઞાનનું પોટલું ખોલવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. પરમતત્ત્વને ઓળખવાના વિષય ઉપર મસમોટું ભાષણ ગોપીઓ સન્મુખ કરી નાખ્યું. ઉદ્ધવ એવું વિચારતા હતા કે, હું જે સર્વવ્યાપક પરમતત્ત્વની વાત કરું છું એ જ આ કૃષ્ણ છે. એમ જો હું ગોપીઓને સમજાવી દઉં તો તેમનો વિરહ શમી જશે. ગોપીઓને ખબર પડશે કે, 'કૃષ્ણ કેવળ ગોવાળિયો નહિ પણ ભગવાન છે.' તો કૃષ્ણમાં તેનો આદર વધશે. પરિણામે સખાભાવના સ્નેહનો જે વિરહ છે તે તૂટી જશે. પણ ઉદ્ધવની આ બધી માન્યતા વિપરીત પડી. શ્રીકૃષ્ણમાં ગોપીઓનો સ્નેહ વધ્યો. પોતાના જ્ઞાનના ભાથામાં બચેલું અંતિમ શસ્ત્ર ચલાવતા હોય તેમ ઉદ્ધવે કહ્યું : "હે વ્રજાંગનાઓ ! તમે કૃષ્ણ માટે નાહક રડો છો, એ તમારાથી દૂર ગયા જ છે ક્યાં ? આંખો બંધ કરો અને પોતાના કૃષ્ણ તરફ દૃષ્ટિ કરો. તમારા હૃદયમાં જ તમને મનોહર મૂર્તિ કૃષ્ણના દર્શન થશે."

ઉધ્ધવનું આ વાક્ય પૂર્ણ થાય એ પહેલા તો ગોપીઓ ઉધ્ધવનો **ઉપહાસ** કરતી હોય એમ ખડખડાટ હસવા લાગી અને બોલી : "ઉદ્ધવ ! અમને તો એમ હતું કે તું તો મહાન જ્ઞાની છો,

પણ તું તો બુદ્ધો છો, આંખ બંધ કરીને શ્રીકૃષ્ણને જોવાની ક્યાં વાત કરે છે ? અમને તો આકાશના ઘનઘોર વાદળમાં, કાલિંદીના જળમાં, મધુવનના પુષ્પો પર ગુંજરાવ કરતા ભ્રમરમાં, અરે ! વ્રજની રજ-રજમાં કૃષ્ણ જ દેખાય છે.''

ઉધ્ધવજી તો અવાક્ થઈ ગયા : ''આહા ! હું તો ખોટું જ્ઞાનનું પોટલું મસ્તક ઉપર વેંઢારુ છું. શાસ્ત્ર માત્ર જે સ્થિતિ પામવાની વાત કહે છે એ સ્થિતિ તો આ અભણ ગોવાળણો ક્યારનીય પામી ગઈ છે ! ધન્ય છે એની **નિર્મળ પ્રેમ સરિતાને**.'' ઉદ્ધવજી મનમાં ને મનમાં કહેવા લાગ્યા :

'वन्दे नन्दव्रजस्त्रीणां पादरेणुमभीक्ष्णशः । यासां हरिकथोद्गीतं पुनाति भुवनत्रयम् ।।' - ''જેમના કંઠમાંથી નીકળતી હરિકથાગીતિ ત્રણેય ભુવનને પવિત્ર કરે છે, એ વ્રજાંગનાઓની ચરણરેણુને મસ્તક ઉપર ધારણ કરીને હું મારા આ જ્ઞાન-શુષ્ક જીવનને સાર્થક કરતો થકો એમને વંદન કરું છું.'' (શ્રીમદ્ ભાગવત : ૧૦/૪૭/૬૩)

માત્ર શુષ્કજ્ઞાનથી કે શુષ્ક ક્રિયાકાંડથી ભગવાન વશ નથી થતાં. પ્રેમ વગરની પ્રભુભક્તિ પણ માત્ર ક્રિયાકાંડ જ છે. જ્યારે હૃદયમાં પ્રભુ પ્રેમની જ્યોત પ્રગટે છે ત્યારે **વ્યાવહારિક ક્રિયા** પણ **ભક્તિરૂપ** બની જાય છે.

પેલા માંગરોળના **ગોરધન શેઠ**ની સ્થિતિ કંઈક આવી જ હતી ને ! વેપાર કરે પણ હૃદયમાં ભારોભાર ભગવાન શ્રી સ્વામિનારાયણની નિષ્ઠા-વિશ્વાસ-પ્રેમ. કોઈ આવીને દુકાનેથી કંઈ વસ્તુ લઈ જાય અને કહે : ''શેઠ ! પૈસા બાકી. ચોપડે લખી નાખો.'' ગોરધન શેઠ કહે : ''ભલે બાપડા !'' પછી ચોપડે લખે તો ખરા પણ લઈ જનારનું નામ લખીને પછી લખે **'હસ્તે સ્વામિનારાયણ.'** અને શેઠ નિશ્ચિંત થઈ જાય. વેપાર વધવા માંડ્યો, પણ બધું ઉધાર જ જાય. પરંતુ શેઠને શેની ચિંતા. એ તો ચોપડામાં ઉતાર્યે જાય 'હસ્તે સ્વામિનારાયણ.' વેપાર કર્યે જાય ને મહારાજની સલૂણી મૂર્તિની અખંડ સ્મૃતિ રાખ્યે જાય. પ્રતિક્ષણ મૂર્તિમાં પ્રેમ વધારતા જાય.

આ બાજુ ગઢડામાં દાદાના દરબારમાં બિરાજતા ભગવાન શ્રી સ્વામિનારાયણને કોઈ ભક્તે આવીને વાત કરી કે, ''મહારાજ ! ગોરધન શેઠ તો ગાંડા થઈ ગયા છે, તેની બધી ઘરવખરી લૂંટાવવા બેઠા છે. એને કંઈક સમજાવો.''

ત્યારે શ્રીજીમહારાજ કહે : ''પણ શું થયું ?''

''મહારાજ ! એણે વેપાર માંડ્યો છે ને આંખનીય ઓળખાણ વગર ઉધાર દેવા માંડ્યું છે. વળી પાછા ચોપડામાં ઘરાકના નામ લખીને છેલ્લે લખે છે હસ્તે સ્વામિનારાયણ.''

પોતાના મુખારવિંદ પર જરા ગંભીરતાનો ભાવ લાવી ભગવાન શ્રીહરિ બોલ્યા : ''ઓહો ! ગોરધન શેઠ હસ્તકમાં અમને રાખે છે, તો તો હવે એની બધી ઉઘરાણી અમારે જ પતાવવી રહી...!!!''

સંપ્રદાયનો ઈતિહાસ સાક્ષી પૂરે છે કે, ભગવાન શ્રીહરિએ ગોરધન શેઠની એક આના-પાઈની ઉઘરાણી પણ ખોટી નથી થવા દીધી. કારણ કે, સમગ્ર બ્રહ્માંડનો પહેલા નંબરનો પ્રેમી ભગવાન છે.

સંવત ૧૬૫૦ની વાત છે. એ વર્ષે **ફતેહપુર સીક્રી**માં **અકબર બાદશાહ** અને સંત **દાદુ દયાલ** વચ્ચે સત્સંગ થયો હતો. અકબર દાદુ દયાલને **ચાર વિચિત્ર પ્રશ્નો** પૂછે છે. વિચિત્ર પ્રશ્નો પૂછે તેને જ બાદશાહ કહેવાય ને ! બાદશાહ પૂછે છે : ''અલ્લાહની જાતિ કઈ ? અલ્લાહનું શરીર કેવું હોય ? અલ્લાહનું વજૂદ શું ? અલ્લાહનો રંગ કેવો હોય ?''

સંત દાદુ દયાલ આ ચારેય વિચિત્ર પ્રશ્નોનો પોતીકા મિજાજમાં અનુવૃત્ત જવાબ આપે છે : ''ઈસક અલ્લાહ કી જાતિ હૈ, ઈસક અલ્લાહ કા અંગ, ઈસક અલ્લાહ કા વજૂદ હૈ, ઈસક અલ્લાહ કા રંગ !''

પ્રેમતત્ત્વ (ઈશ્ક)ની આવી જ પ્રતિષ્ઠા ભગવાન શ્રીહરિના જીવનમાં થતી જોવા મળે છે. સંત દાદુ દયાલના જવાબમાં જે મિજાજ દેખાય થાય છે તે પરથી લાગે છે કે **'પરમેશ્વર'** વાસ્તવમાં **'પ્રેમેશ્વર'** હોવો જોઈએ.

એકવાર **રૂક્ષ્મણિજી**ના સ્વપ્નામાં **રાધાજી** આવ્યા. રાધાજીને જોઈને રૂક્ષ્મણિજી ગદ્ગદ્ થઈ ગયા. રાધાજીની આંખોમાં સમર્પણ છલકાતું હતું અને એના ચહેરા પર ગ્રામકન્યાનું ભોળપણ રમતું હતું. એ કમળ જેવી કોમળ હતી અને વાણીમાં વીણાનું માધુર્ય હતું. એનું સ્મિત સ્વાતિ નક્ષત્રમાં કદમ્બવૃક્ષના પાંદડા પર ઝીલવાઈ રહેલા વરસાદના ટીપાં જેવું નિર્મળ હતું. રાધાજી સુંદર નહોતા, એ તો સાક્ષાત્ સુંદરતાની મૂર્તિ જ હતા !

રૂક્ષ્મણિજીએ ભાવથી છલકાતા હૃદયે વાત શરૂ કરી : ''રાધે ! હું અને સત્યભામા અહીં દ્વારિકામાં મહારાજા શ્રીકૃષ્ણની સેવામાં કોઈ કચાશ નથી રાખતા. એમની એક-એક પળને પ્રસન્નતાથી ભરી દેવામાં જ અમને જીવતરનો સ્વાદ સાંપડે છે. અમારા અંતઃપુરમાં શ્રીકૃષ્ણ સિવાયના બીજા બધા શબ્દો ફિક્કા લાગે છે. અહીં બધું કૃષ્ણમય છે, પ્રભુમય છે અને મધુમય છે. આમ છતાં શ્રીકૃષ્ણના કાને ક્યાંકથી રાધા શબ્દ પડે ત્યાં તો અમારા પ્રીતમજી મૌન ઉદાસીમાં સરી પડે છે. તું તો શ્રીકૃષ્ણની પ્રિય સખી છો, મને તારી અદેખાઈ નથી આવતી. મારા પ્રભુને પ્રિય હોય એ મને પણ પ્રિય જ હોય. હું તારી પાસેથી તારા કૃષ્ણપ્રેમનું રહસ્ય જાણવા માંગું છું. જેથી અમે સૌ મળીને એમને વધારે પ્રસન્ન કરી શકીએ. તારા સમર્પણમાં એવું તે ક્યું તત્ત્વ છે, જે અમારામાં ખૂટે છે ? બહેન ! તારા કનૈયાને વધારે સુખી કરવા માટે આ પૂછી રહી છું.''

રાધાજી આ સાંભળીને મૌનમાં સરકી પડ્યા. એમની

આંખોમાં આંસુ ઊભરાયાં. મહા પ્રયત્ને એમણે વહાલપૂર્વક રૂક્ષ્મણિજીને કહ્યું : ''બહેનડી મારી ! આ સવાલનો હું શું જવાબ આપું ? તું મારા કનૈયાને જ પૂછી જોજે.'' આટલું કહીને રાધાજી પુનઃ મૌન થઈ ગયા અને સ્વપ્ન પૂરું થયું. બીજે દિવસે રૂક્ષ્મણિજીએ શ્રીકૃષ્ણને એ જ પ્રશ્ન પૂછ્યો. ભગવાન શ્રીકૃષ્ણ કશું બોલી ન શક્યા. એમની આંખમાંથી એક અશ્રુબિંદુ ટપકી પડ્યું. રૂક્ષ્મણિજી તો સ્તબ્ધ થઈ ગયા. તેમણે ક્યારેય શ્રીકૃષ્ણની આંખમાં આંસુ જોયા ન હતા. રાજેશ્વર રસેશ્વર અને યોગેશ્વર શ્રીકૃષ્ણ રડે એવી કલ્પના જ રૂક્ષ્મણિજી માટે હૃદયને ચીરી નાખનારી હતી. શ્રીકૃષ્ણને દુઃખ પહોંચાડવા બદલ એ અંદરથી વલોવાય ગયા. એક-બે ક્ષણ વીતી પછી શ્રીકૃષ્ણે એને આશ્વાસન આપતા કહ્યું : ''હવે જ્યારે પણ રાધા તને સ્વપ્નમાં આવે ત્યારે એને પૂછજે કે 'કૃષ્ણની આંખમાં આંસુ શાથી ?'' દિવસો વીતી ગયા. રૂક્ષ્મણિજીના સ્વપ્નમાં ફરી રાધાજી આવ્યા ત્યારે રૂક્ષ્મણિજીએ પૂછ્યું : ''રાધે ! તારા કનૈયાની આંખમાં મેં આંસુ જોયાં, આમ કેમ બન્યું ?''

આજે રાધાજી સ્વસ્થ હતા. ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયા અને બોલ્યા : ''બહેન ! વર્ષોથી મેં મારા કનૈયાને ગોકુળમાં દીઠો નથી. વનરાવનમાં મોરલા ટહુકેને કૃષ્ણ યાદ આવે. શ્રાવણમાં ઝરમરિયાં વરસે અને કૃષ્ણ યાદ આવે. અહીં અમારા ગોકુળમાં સદેહે કૃષ્ણ નથી અને છતાંય અમને તો એ યમુનાની વાટે ને ઘાટે દેખાયા કરે. પ્રતિક્ષણ એ મારી સાથે નહિ, મારા હૃદયમાં જ ! તે દિવસે તે કૃષ્ણની વાત કરી અને વળી, મારે કારણે કનૈયો ઉદાસ બની જાય એવી વાત કરી. તેથી હું ખૂબ રડી. હું અહીં રડી અને ત્યાં કૃષ્ણની આંખમાં આંસુ !'' થોડુંક થોભીને રાધાજીએ વાત આગળ ચલાવી : ''બહેન ! તું તો પટરાણી છો. એક વિનંતિ કરવી છે કે, હવે પછી કદીય મારું નામ કૃષ્ણને કાને પડે તેવું ન કરીશ. અમે તો ગોકુળની ગોપીઓ છીએ. કૃષ્ણ માટે રડવાનો, ઝૂરવાનો અને વિરહમાં વ્યાકુળ બનવાનો અધિકાર અમારું સર્વસ્વ છે. કૃષ્ણ રડે તે અમને ન પાલવે.''

પ્રેમેશ્વરના શ્વાસની લિપિ પોતાના શ્વાસ દ્વારા પામે તે ખરો પ્રેમી. પ્રેમેશ્વરના ધબકારની લિપિ પોતાના ધબકારા દ્વારા પામે તે ખરો પ્રેમી. પ્રતિપળ પ્રેમેશ્વર સાથે દૂર રહ્યા રહ્યા જે નૈકટ્યતીર્થ રચી શકે તે ખરો પ્રેમી...!!!



પ્રેમેશ્વરના શ્વાસની લિપિ પોતાના શ્વાસ દ્વારા પામે તે ખરો પ્રેમી. પ્રેમેશ્વરના ધબકારની લિપિ પોતાના ધબકારા દ્વારા પામે તે ખરો પ્રેમી. પ્રતિપળ પ્રેમેશ્વર સાથે દૂર રહ્યા રહ્યા જે નૈકટ્યતીર્થ રચી શકે તે ખરો પ્રેમી...!!!

રાધાજીનું શ્રીકૃષ્ણ સાથે કેવું નૈકટ્ય ! વ્રજમાં રાધાજી રડે તો દ્વારકામાં શ્રીકૃષ્ણના નયનોમાંથી પણ શ્વાતિ બિંદુ જેવા પ્રેમાશ્રુઓ સરી પડે ! એવું કેમ થતું હશે ? વર્ષોથી બધા બુદ્ધિજીવીઓ આ તથ્યને શોધે છે પણ એ બાપડાઓને ક્યાં ખબર છે કે :-

**'મહોબ્બતના સવાલોના કોઈ ઉત્તર નથી હોતા,**
**અને જો હોય છે તો એટલા સદ્ધર નથી હોતા;**
**મળે છે કોઈ એક જ પ્રેમીને સાચી લગન દિલની,**
**બધાય ઝેર પીનારા કંઈ શંકર નથી હોતા.'**

રાધાજીને જેવું નૈકટ્યતીર્થ શ્રીકૃષ્ણમાં હતું એવું જ નૈકટ્યતીર્થ **અગતરાય**ના પરમભક્તરાજ **પર્વતભાઈ**ને ભગવાન શ્રી સ્વામિનારાયણમાં હતું. એકવખત પોતાના ભાઈને સાથે લઈને ખેતર ખેડવા માટે ગયા હતા. સાંતી ચલાવતા- ચલાવતા બપોર થઈ ગયા. સાંતી તો પર્વતભાઈનું શરીર ચલાવતું હતું પણ મન તો ભગવાન શ્રીહરિની મૂર્તિમાં ઓતપ્રોત હતું. સૂર્યનારાયણ માથા ઉપર આવ્યા પણ હજુ ઘણું કામ બાકી હતું. માનસી ટાણું થઈ ગયું હતું એટલે પર્વતભાઈએ સાંતી હાંકતા-હાંકતા જ માનસીપૂજા ચાલુ કરી. ખૂબ પ્રેમભાવે ગદ્ગદ્ કંઠે અતિ આગ્રહપૂર્વક તાણ કરીને માનસીમાં ભૂધર ભગવાન શ્રીહરિને જમાડતા હતા. વૃત્તિ પ્રેમેશ્વર શ્રીહરિમાં એકતાર થઈ ગઈ હતી એટલે સાંતી વિસરાઈ ગયું હતું. સાંતીના બળદની ગતિ મંદ પડી ગઈ હતી.

પર્વતભાઈ તો શ્રીજીમહારાજને જમાડવામાં તત્પર હતા. મહાપ્રભુ શ્રીહરિ જમી રહ્યા એટલે પર્વતભાઈએ છેલ્લે મહારાજને ભાત પીરસ્યા અને પછી તેમાં દહીં પીરસતા હતા. એ જ વખતે ખેતરમાં કામ કરતા પર્વતભાઈના એક સાથીનું ધ્યાન પર્વતભાઈ પર પડ્યું. બળદની થયેલી મંદગતિ જોઈને તેણે મીટ માંડીને જોયું તો પર્વતભાઈની આંખો બંધ હતી. એને થયું પર્વતભાઈ ઝોલા ખાય છે. મુક્તાનંદ સ્વામીની પેલી પંક્તિ અહીં ટાંકવા જેવી છે :- **'મુક્તાનંદ કહે હરિ હરિજનની ગતિ છે ન્યારી, એને દેહે દર્શી દેખે પોતા જેવા સંસારી...'**

સાથી ઉતાવળી ચાલે પર્વતભાઈ પાસે આવ્યો. પર્વતભાઈની પીઠ પર પોતાના હાથમાં રહેલી લાકડી અડાડીને બૂમ પાડતો હોય એવા અવાજે બોલ્યો : ''પર્વતભાઈ ! ઝોલા કેમ ખાઓ છો ? જુઓ ! બળદ ઊભા રહી ગયા.''

લાકડીનો સ્પર્શ પીઠ પર થયો એટલે પર્વતભાઈ જજકી ગયા. સાથીના મોઢામાંથી 'પર્વતભાઈ ! ઝોલા શું ખાઓ છો ?' આટલા શબ્દો હજુ પૂરા થયા અને 'જુઓ બળદ' એ શબ્દ હજુ એના મોઢામાંથી સરતા હતા એ જ વખતે કંઈક વાસણ ખખડ્યું હોય એવો અવાજ એના કાને અથડાયો. અવાજ તરફ દૃષ્ટિ કરીને જોયું તો સાંતી આખું દહીં દહીં થઈ ગયું હતું અને જમીન ઉપર પણ થોડું દહીં ઢોળાયેલું હતું. આશ્ચર્યની સાથે એણે ''ઊ...ભા... ર...હી...ગયા !'' શબ્દો બોલીને એ વાક્ય પૂરું કર્યું અને એ જ ક્ષણે એની નાભીમાંથી શબ્દો નીકળ્યા : ''પર્વતભાઈ ! આ શું ?'' સાથીએ મોટેથી બૂમ પાડી. પોતાના સાથીની બૂમ સાંભળી પર્વતભાઈના ભાઈ પણ ત્યાં પહોંચી ગયા. એ બોલ્યા : ''શું થયું મોટાભાઈ ?''

તરત જ એમની દૃષ્ટિ સાંતી તરફ પડી અને એ પણ આશ્ચર્ય સહિત બોલ્યા : ''અરે ! આ શું ? આ તો દહીં લાગે છે. પણ અહીં કેવી રીતે દહીં આવ્યું ?''

ત્યારે પર્વતભાઈ બહુ સહજતાથી બોલ્યા : ''એ તો હું માનસીપૂજામાં શ્રીજીમહારાજને દહીં પીરસતો હતો અને જ્યાં મેં પીરસવા માટે દહીંનું વાસણ હાથમાં લીધું એ જ વખતે આપણા આ સાથીએ મને વાંસામાં લાકડી અડાડી, તેથી મારા હાથમાં રહેલું વાસણ હાથમાંથી પડી ગયું અને દહીં ઢોળાઈ ગયું...!!!''

''પણ ભાઈ ! માનસીમાં ધરાવેલું દહીં આમ પ્રત્યક્ષ સાંતી અને જમીન પર પડે ! ધન્ય છે ભાઈ તમને ! તમે તમારા પ્રેમભાવથી ભગવાન શ્રીહરિ સાથે આટલું બધું **નૈકટ્યતીર્થ** સર્જ્યું હશે એની તો અમને કલ્પના જ નહોતી.'' એમ બોલતા બંને પર્વતભાઈની પ્રેમલક્ષણા ભક્તિથી ચકિત થઈને તેમના પગમાં પડી ગયા.

જેમના પ્રેમ ઉપર સ્વયં શ્રીજીમહારાજ બલિહારી જતા એવા પ્રેમમૂર્તિ સ.ગુ. શ્રી **સચ્ચિદાનંદ સ્વામી**એ પણ ભગવાન શ્રીહરિ સાથે કંઈક આવું જ નૈકટ્યતીર્થ બનાવ્યું હતું.

મહાપ્રભુ શ્રીહરિ જ્યારે ધરમપુર તરફ ભક્તોને સુખ આપવા માટે વિચરતા હતા ત્યારે સચ્ચિદાનંદ સ્વામી ગઢપુરમાં હતા. શ્રીજીમહારાજ ગઢડેથી ગયા એને એક મહિનો પૂરો થઈ ગયો હતો. સચ્ચિદાનંદ સ્વામી આ એક મહિના દરમ્યાન સંતોના રસોડે જમવા નહોતા આવ્યા. આ વાતનું બીજા કોઈને તો અનુસંધાન નહોતું પણ હરજી ઠક્કરની ચાતક નજરથી સ્વામી બચી ન શક્યા.



ભગવાન શ્રીહરિએ પોતાના પ્રેમીભક્તોને **અનેક રીતે પ્રેમ** આપ્યો છે. ક્યારેક **માતા** બનીને, ક્યારેક **પિતા** બનીને તો ક્યારેક **સખા** બનીને, ક્યારેક **પુત્ર** બનીને પણ સ્નેહેશ્વર શ્રીહરિએ પોતાના ભક્તોના પ્રેમનો **સહજ સ્વીકાર** કર્યો છે.

હરજી ઠક્કરે કહ્યું : ''સ્વામી ! તમે મહિનાથી સંતોને ચોકે જમવા નથી ગયા અને બીજું પણ કંઈ નથી જમતા એ મને ખબર છે. તો સ્વામી તમે કેમ કંઈ જમતા નથી ?''

સ્વામી કહે : ''હરજી ભગત ! તમે ખોટા ભરમાયા છો, હું તો રોજ જમું છું.''

ત્યારે હરજી ઠક્કરે કહ્યું : ''શું જમો છો ? મેં તો તમને એક મહિનામાં ક્યારેય જમતા જ જોયા નથી તો !''

સ્વામી કહે : ''ભગત ! ધરમપુરમાં બેઠાં-બેઠાં શ્રીજીમહારાજ મને રોજ પ્રસાદી આપે છે ને હું એ પેટ ભરીને જમું છું !'' હરજી ઠક્કર બોલ્યા : ''સ્વામી ! એ તમે બીજાને છેતરી શકો, હું તો પાકો ભગત છું તે એ તમારા શબ્દોથી ન છેતરાઉં. સ્વામી ! બહુ તપ સારું નહિ. દેહનું ભાડું તો દેહને આપવું જોઈએ માટે ચાલો, ઠાકોરજી જમાડી લો.''

સ્વામી કહે : ''મેં સાચે જ ઠાકોરજી જમાડી લીધા છે.''

ત્યારે હરજી ઠક્કરે કહ્યું : ''પણ, હું કેમ માનું સ્વામી ?''

એજ વખતે સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું : ''આજે હમણાં જ મહારાજે મને દહીં-ભાતની પ્રસાદી આપી છે ને હું ધરાઈ-ધરાઈને જમ્યો છું.!'' એમ કહીને સ્વામીએ પોતે મોંઢામાં હાથ નાખીને ઉલ્ટી કરી ત્યાં તો સ્વામીના પેટમાંથી દહીં-ભાત બહાર આવ્યા...!!!

હરજી ઠક્કર તો મૂક થઈને સ્વામીને લળી જ પડ્યા..!!

સચ્ચિદાનંદ સ્વામીએ ખરા અર્થમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સંગાથે નૈકટ્યતીર્થ સાધ્યું હતું. એમનો પ્રેમ અજોડ હતો. શાસ્ત્રમાં એમ વાત છે કે, જ્યારે રાધાજીને શ્યામનો વિયોગ થાય ત્યારે તેમના કપાળનો ચાંદલો શામ થઈ જતો. પરંતુ સચ્ચિદાનંદ સ્વામીનો પ્રેમ તો એનાંથી પણ વધીને એટલા માટે હતો કે, સ્વામીને જ્યારે ભગવાન શ્રીહરિનો વિયોગ થાય ત્યારે રૂવાડે-રૂવાડે લોહીના ટશિયાં આવી જતા...!!!

સ્નેહથી રસબસ સહજાનંદની એ સલૂણી મૂર્તિ છે જ એવી રસિલી કે એમાં હૈયું સહેજે ચોંટી જાય. અને એટલા માટે જ તો ભગવાન શ્રીહરિ આ પૃથ્વી પર પધાર્યા છે...!! કારિયાણી પ્રકરણના પમાં વચનામૃતમાં શ્રીજીમહારાજે આ જ વાત બતાવી

છે કે, ''અમે અમારા પ્રેમીભક્તોને લાડ લડાવવા માટે જ આ પૃથ્વી પર પધારીએ છીએ અને પછી તેની સાથે-સાથે ધર્મનું સ્થાપન પણ કરીએ છીએ અને અનેક જીવાત્માઓના કલ્યાણ પણ કરીએ છીએ.''

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના પ્રેમીભક્તોને અનેક રીતે લાડ લડાવતા રહ્યા છે અને તેમના મનોરથો પૂર્ણ કરતા રહ્યા છે.

એકવખત ભગવાન શ્રીહરિ બળદગાડાંમાં બેસીને જતા હતા. બાજુમાં મુક્તરાજ **પર્વતભાઈ** અને તેનો નાનકડો દીકરો **મેઘો** બંને ચાલ્યા આવતા હતા. મેઘો ચાલીને થાક્યો એટલે ચાલુ ગાડાંમાં ચઢવા માટે એણે પ્રયત્ન કર્યો. એ જ સમયે શ્રીજીમહારાજે તેને ચીડવવા માટે ગાડાં ઉપર તેણે મૂકેલો પગ નીચે ધકેલી દીધો. મેઘો ગાડાંથી દૂર થઈ ગયો. ફરીવખત એણે ગાડાં ઉપર પગ મૂક્યો; ફરી મહારાજે ખસેડી દીધો. આવું ત્રણ-ચાર વખત ભગવાન શ્રીહરિએ કર્યું એટલે મેઘો ખીજાઈને દોડીને ગાડાં ઉપર ચઢી ગયો. અને શ્રીજીમહારાજના ચરણારવિંદના અંગુઠે બચકું ભરી લીધું. શ્રીજીમહારાજ મેઘાની આવી બાળસહજ ચેષ્ટા જોઈને ખૂબ રાજી થયા. અને ખૂબ વ્હાલથી પોતાની બાજુમાં બેસાડી દીધો.

ભગવાન શ્રીહરિએ પોતાના પ્રેમીભક્તોને **અનેક રીતે પ્રેમ** આપ્યો છે. ક્યારેક **માતા** બનીને, ક્યારેક **પિતા** બનીને તો ક્યારેક **સખા** બનીને, ક્યારેક **પુત્ર** બનીને પણ સ્નેહેશ્વર શ્રીહરિએ પોતાના ભક્તોના પ્રેમનો **સહજ સ્વીકાર** કર્યો છે.

ગઢપુરમાં સ.ગુ. શ્રી **બ્રહ્માનંદ સ્વામી**ના **'માતા'** શ્રીજીમહારાજ જ બન્યા હતા ને ! સ્વામી જ્યારે સાધુ થવા આવ્યા ત્યારે તેમના માતા-પિતા તેમને લેવા માટે આવ્યા હતા. તે વખતે એમના માતા લાલુબાદેવી જીવુબા અને લાડુબાની પાસે પુત્રમોહમાં ખૂબ રડ્યા. જાણે હમણાં જ દેહ છૂટી જશે એવી સ્થિતિ એમની થઈ ગઈ. જીવુબા અને લાડુબાએ શ્રીજીમહારાજને કહેવડાવ્યું કે, ''મહારાજ ! પુત્રવિયોગમાં લાલુબાદેવીનો દેહ છૂટી જશે તો બ્રહ્મમુનિ 'મા' વિનાના થઈ દશે. પછી તેને લાડ કોણ લડાવશે ?''

આ વાત શ્રીજીમહારાજને મળી ત્યારે બ્રહ્માનંદ સ્વામી બાજુમાં બેઠા હતા. મહારાજે પ્રેમથી બ્રહ્માનંદ સ્વામીના મસ્તક ઉપર હાથ ફેરવ્યો અને કહ્યું : ''આ બ્રહ્માનંદ સ્વામીની **'મા'** અમે પોતે થઈએ છીએ. માટે લાલુબાદેવીને કહેજો કે તમે જરાય ચિંતા કરશો નહીં. તેમને તમામ પ્રકારના લાડ અમે લડાવીશું. તમે નિશ્ચિંતપણે ઘેર જઈ અમારું ભજન કરો. માત્ર 'મા' જ નહિ, આજથી તેમના **પિતા** પણ અમે, તેમના **સખા** પણ અમે અને તેમના **ધણી** પણ અમે જ છીએ.''

ભગવાન શ્રીહરિએ માત્ર ભક્તિમાતાને જ પુત્રનું સુખ આપ્યું એવું નથી. જેતલપુરના ગંગાબા, ડાંગરવાના જતનફઈ વગેરે ઘણા પ્રેમીભક્તોએ શ્રીજીમહારાજમાં પુત્રભાવથી પ્રેમ કર્યો હતો. સ.ગુ. શ્રી **અદ્‌ભુતાનંદ સ્વામી**ની **વાતો**માં કંઈક આવો જ એક **સુંદર પ્રસંગ** લખાયો છે :

એકવખત શ્રીજીમહારાજ **જાળિયા** પધારી હીરાભાઈ ઠક્કરને ત્યાં બિરાજમાન થયા હતા. એકદિવસ બપોરને ટાણે મહારાજ જમતા હતા ત્યારે **હીરાભાઈની મા**ને સંકલ્પ થયો કે, 'જો મારે શ્રીજીમહારાજ જેવો રૂડો રૂપાળો અને ગુણિયલ દીકરો હોય ને તો નિત્ય એને પ્રેમથી નવરાવી-ધોવરાવીને તૈયાર કરું અને બાજુમાં બેસીને વ્હાલથી જમાડું !' અશક્ય સંકલ્પને ભગવાન શ્રીહરિ જાણી ગયા ને વિચારવા લાગ્યા કે, 'મારા જેવો દીકરો ક્યાંથી લાવવો ? હું તો એક જ છું. મારા જેવું તો બીજું કોઈ છે જ નહિ. માટે આ ડોશીને ત્યાં ફરીને જન્મ લેવો એની કરતા આ જ જન્મે એનો મનોરથ પૂરો કરી દઉં.' મનમાં ને મનમાં આમ વિચારીને નાટક ચાલું કર્યુ. જમતા-જમતા રીસાણા ને ભરેલી થાળીએ ચળું કરી લીધું ને લોટો પછાડીને જમીન પર મૂક્યો. (જેથી બધાને ખબર પડે કે મહારાજ રીસાણા છે !) ને ઊભા થઈ ગયા.

ત્યારે ડોશીમા બોલ્યા : ''કેમ એકદમ ઊભા થઈ ગયા મહારાજ !''

મહારાજ કહે : ''અમારે તમારે ઘરે રહેવું નથી.''

ડોશીમા કહે : ''કેમ ?''

ત્યારે ભગવાન શ્રીહરિએ કહ્યું : ''મા ! તું મને 'આવ દીકરા આવ' એમ કહે તો રહીએ !''

આવું સાંભળી ડોશીમા તો શરમાઈ ગયા. એમને થયું કે 'આવડા મોટા ભગવાનને દીકરો કેમ કહેવો ?'

શ્રીજીમહારાજ તો પગ પછાડતા ચાલવા માંડ્યા. ઘરની બહાર નીકળ્યા. શેરીમાં ચડ્યા. જેમ આગળ વધે તેમ માણસો વધતા જાય. આગળ મહારાજ ને પાછળ આખા ગામના સત્સંગીઓ રડતા જાય ને મહારાજને રોકવા પ્રયાસ કરતા જાય. પરંતુ હવે રોકાય એ બીજા ! એવું જાણે નક્કી કર્યું હોય એમ મહારાજ સામું પણ ન જુવે.

આ દશ્ય ગામના એક મુસલમાને જોયું એટલે તે શ્રીજીમહારાજને કહે : ''સ્વામિનારાયણ ! તુમ નિર્દય કયું હો ગયે હો ? સબ રડતે હૈ ઔર તુમ પાછે નહીં જાતે.''

તેને શ્રીજીમહારાજ કહે : ''અમને નહીં પેલી ડોશીને કહો. અમને દીકરો કહીને બોલાવે તો પાછા ફરીએ, નહિતર તો અમે આ હાલ્યા !'' ત્યારે પેલો મુસલમાન ડોશીને કહે : ''!એમ કહને મેં તેરા ક્યા જાતા હૈ ? કહી દે ને !''

ડોશી કહે : ''મીયાંજી ! તમે એને ઓળખતા નથી. એ તો સાક્ષાત ભગવાન છે. એમને દીકરા કેમ કહેવાય ?''

પછી મુસલમાનને થયું કે, ''આમાં આપડે પડવા જેવું નથી, આપણી ચાંચ આમાં ખૂતે નહિ.'' એટલે એ ચાલ્યો ગયો. પછી મહારાજે વળી પાછું ચાલવા માંડ્યું. આગળ મહારાજ ને પાછળ ગામના સત્સંગીઓ. ગામનો સીમાડો દેખાવા લાગ્યો પણ ભગવાન શ્રીહરિએ મચક જ ન આપી. પછી ડોશીમાને થયું કે, 'આજે મહારાજ નહીં માને, એમણે એવું નક્કી જ કર્યું છે મને મા કરવાનું. એની આગળ તો હું લાચાર છું.'

એ સહેજ ઉતાવળે ચાલી શ્રીજીમહારાજની નજીક ગયા અને પોતાની અંદર રહેલું તમામ માતૃત્વ ભેગું કરીને મધુરા સ્વરે બોલ્યા : ''દીકરા, એ મારા દીકરા ! હવે ક્યાં સુધી માને પજવીશ ? હવે પાછો નહીં વળે ?''

ભગવાન શ્રીહરિ તરત જ પાછા વળી ગયા ને ડોશીમાને ઘેર ગયા. પછી તો ડોશીમા નિત્ય મહારાજને જુદાં-જુદાં થાળ જમાડે ને લાડ લડાવે.

આ પ્રસંગ વાંચીને ઘડીક મનમાં થયું કે, આ યશોદા તો નહોતીને કે જેની માટે અનંત કરોડો બ્રહ્માંડના ધણીને કાનુડો બનવું પડ્યું ? ગોકુળનો કાનો તો નાનું બાળક હતો. પરંતુ આ ડોશીના કેટલા ભાગ્ય કે ભરયુવાનીમાં પણ **મહા રાજાધિરાજ** સર્વેશ્વર મહાપ્રભુ નાના બાળકની જેમ એના માટે રીસાણા. જે પ્રભુ અનેક સાધનાના અંતે પણ અનંત તપસ્વીઓને, અનંત સાધકોને, અનંત જ્ઞાનીઓને આ બ્રહ્માંડમાં કોઈને પણ ક્યારેય મળ્યા નહોતા એવા દુર્લભ ભગવાન એક નાનકડા એવા ગામડાની અભણ ડોશીનો સંકલ્પ પૂરો કરવા માટે ભરજુવાનીમાં **બાળકવેડા** કરીને રીસાય...?!! એમને એમનું સ્ટેટસ પણ આડું ન આવ્યું..!! માટે દિલની અનેક ઊર્મિઓના તરંગો સાથે ઉદ્‌ભવતા અનેક વિચારો અનેક દૃષ્ટિકોણથી ભગવાન વિષે કર્યા પછી એક વાત ચોક્કસ કહી શકાય કે, અનંત કરોડો બ્રહ્માંડમાં 'Best Lover'નો **એવોર્ડ** જો કોઈને મળી શકે તો તે **ભગવાન શ્રીહરિ** જ છે. એમના માટે તો વ્યાકરણનો નિયમ તોડીને 'Best Lover' નહીં પણ'Bestest.... est... est.. Lover' કહેને તોપણ કોઈ માત્ર 'મગજજીવી' (બુદ્ધિજીવી) માણસ કોઈપણ પ્રેમીને રોકી ન શકે...!!! કારણ કે, પરમાત્મના પ્રેમનો નશો જ એવો છે કે એમાં દુનિયાદારીના કોઈ નિયમ પ્રેમીને દેખાતા જ૧ નથી.

એક પ્રયોગ પણ **આજના યુગમાં** કરવા જેવો છે. **આજનો યુવાન** કોઈ નશાની શોધમાં છે. આજના યુવાજગતની **આકાંક્ષા** ક્યાંક ખોવાઈ જવાની કે પછી ઓગળી જવાની હોય તેવું લાગ્યા કરે છે. એને નશા વગર ચાલે તેમ નથી. એ **આંધળુકિયા** કરીને બુલેટ મોટર સાઈકલ એવી મારી મૂકે છે કે જાણે મરવાની ઉતાવળમાં ન હોય ! બધી ફિકરની ફાકી મારી જઈને એ નિર્બાધપણે પોતે જેને ચાહે તેને પૂરી સમગ્રતાથી **પ્રેમ** કરવા ઈચ્છે છે. મા-બાપ આંખ ચોળતા રહી જાય ને એ કશુંક એવું કરી પાડે છે, જે લગભગ આપઘાત જેટલું જ ભયાનક હોય. એની ધીરજ એટલી તો ઓછી છે કે મા-બાપ એને અતિશય ધીમા અને ઢબ્બુસ લાગ્યા કરે છે. શિક્ષકો એને 'Boring' કરે છે અને ઉપદેશકોની એને એલર્જી હોય છે. શિસ્ત પ્રત્યે એને સુગ હોય છે અને નિયમમાં તો એને સાક્ષાત્ યમનાં જ દર્શન થતાં હોય છે.


હશિશ, કોકેઈન, એલ.એસ.ડી. અને નિડલ જેવા દ્રવ્યો દ્વારા ચડતો નશો એને **સ્વર્ગીય આનંદ**નું ઉપસ્થાન જણાય છે. રોકટોક વગરની દુનિયાનો એ વિશ્વનાગરિક, સમાજે સહીઓથી સ્વીકારેલા બધાજ ધોરણોને ઘોળીને પી જવા માટે તૈયારી કરી રહ્યો હોય એવા ખેલ રોજ જોવા મળે છે. સપૂચો સુખવાદ (Radical Hedonism) એને એવો તો ગમે છે કે પોતાના ધર્મગુરુઓને વંદન કરવા જેટલી તસ્દી તે માંડ લેતો હોય છે. ગતિ, ઘોંઘાટ અને ઘેનનો એ આશિક છે. કોલેજની હોસ્ટેલોમાં એ હોટેલમાં રહેતો હોય એ રીતે રહે છે અને વોર્ડનને ઉલ્લું બનાવે છે.

યુવાનોના આવા ગાંડાતૂર નશા સાથે કામ પાડવાના **બે રસ્તા** છે : એક તો નશો છોડવા માટે એમને સમજાવવાનો અને બીજો છે એમની સમક્ષ વધારે આકર્ષક અને ઉપકારક નશો ધરવાનો.

પ્રથમ રસ્તો સાવ નિષ્ફળ થઈ રહ્યો છે. આ સંજોગોમાં **બીજો માર્ગ** એની સમક્ષ સહજાનંદની **સલૂણી મૂર્તિ** ધરી દેવાનો માર્ગ બચ્યો છે. એકવાર પ્રેમેશ્વર **પાતળિયા**ને પામવા માટે ચડી જશે પછી એલ.એસ.ડી. વગેરેનું નામ જ નહીં લે. પ્રેમાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, દાદાખાચર, ગોરધનભાઈ, લાડુબા, જીવુબા, રાજબા, ઝમકુબા... (આ યાદી માટે તો બીજા ઘણા લેખ થાય તેટલી લાંબી છે) આ બધા કંઈ મૂળે ગાંડા ન હતા. શ્રીજીમહારાજે એમને **પાગલ** કર્યા હતા. કોઈપણ શાણા માણસને પાગલ કરે એવું ઘણું બધું એના વિભૂતિ સત્ત્વમાં છે.

એવી ચિંતા ન કરતા કે, ભગવાનને તો ઘણા બધા **પ્રેમી** છે, હવે એમની પાસે આપણા માટે ટાઈમ જ નહિ હોય અને પ્રેમ પણ નહિ હોય. ભગવાન પાસે બધા માટે **એક સાથે સમય** પણ છે અને **અટળક પ્રેમ** પણ છે.

સ્થૂળ ગણિત કહે છે કે, 'તમારી પાસે એક લાડું હોય અને કોઈ તે તમારી પાસેથી છીનવી લે તો તમારી પાસે એક પણ લાડું ન રહે.' ૧ - ૧=૦. પ્રેમેશ્વર **ભગવાનનું ગણિત** જુદી વાત કરે છે : એમાં જે ગણિત છે તે સૂક્ષ્મ છે અને વળી અલૌકિક છે. એ કહે છે : '૧-૧=૧' આવું બને ખરું ? હા જરૂર બને. જોઈ લો ઉપનિષદનું પ્રમાણ :



# સત્સંગ સમાચાર પત્રિકા


સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી








દહિસર-મુંબઈને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં ઉજવાયેલ દ્વિમાસિક સત્સંગ સભા તથા શ્રી ઘનશ્યામ બાલયુવક મંડળનો વાર્ષિકોત્સવ.










યોગમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની જન્મભૂમિ તીર્થધામ ટોડલામાં દર્શનાર્થે પધારતા વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો.

## વડોદરા












વડોદરાને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના ઉપસ્થિતિમાં ઉજવાયેલ ૧૫મી ઓગષ્ટ સ્વતંત્રતાદિન ઉજવણી

## મહુવા














મહુવાને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથીઉજવાયેલ ૧૫મી ઓગષ્ટ સ્વતંત્રતાદિન ઉજવણીમાં સાંસ્કૃતિક કાર્યક્રમોની રજુઆત કરતા બાળકો.



હિંડોળા દર્શન
મોટાવરાછા-સુરત







હિંડોળા દર્શન
શ્રીજીમંદિર-સુરત












હિંડોળા દર્શન
મહુવા







હિંડોળા દર્શન
યોગીચોક-સુરત




**નોંધ :- શિબિરની તારીખમાં ફેરફાર થયેલ છે, જેની દરેક ભક્તોએ નોંધ લેવી.**




:: તારીખ ::
૬-૯-૨૦૧૫

દર મહિનાના પહેલા રવિવારે **સરધારધામ**માં યોજાતી

# ॥ અભયદાન માસિક સત્સંગ સભા ॥

:: સમય ::
સવારે ૯ થી ૧

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩




**ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા સંતમંડળની કેન્યા દેશના નાઈરોબી વિસ્તારમાં યોજાયેલ સત્સંગ વિચરણ યાત્રા (તા.૧ થી ૬-૮-૧૫)**

૧-૩. મોમ્બાસામાં અ.નિ. શ્રી કેશુભાઈ ફોટડીવાળાની કોરુગેટેટ કંપનીમાં ઠાકોરજી સાથે પધરામણી કરતા પૂ. સ્વામી તથા સાથે કંપનીના માલિક શ્રી હસુભાઈ વગેરે ભક્તો. ૪. મોમ્બાસામાં પ.ભ. શ્રી સુરેશભાઈ લાલજી રત્નાના નિવાસસ્થાને ઠાકોરજી સાથે સંતોની પધરામણી. ૫. મોમ્બાસામાં પ.ભ. શ્રી જાદવભાઈ (સુખપુર-ભુજ)ની ઓફિસમાં ઠાકોરજી સાથે સંતોની પધરામણી. ૬. નાઈરોબીમાં પ.ભ. શ્રી નિલેશભાઈ (SHK વાળા)ના નિવાસસ્થાને તથા ઓફિસ-ફેકટરીમાં ઠાકોરજી સાથે સંતોની પધરામણી. ૭. પ.ભ. શ્રી રત્નાભાઈ હાલાઈના નિવાસસ્થાને ઠાકોરજી સાથે સંતોની પધરામણી. ૮. પ.ભ. શ્રી હરિશભાઈ ભુવાના નિવાસસ્થાને ઠાકોરજી સાથે સંતોની પધરામણી. ૯. શ્રી વાલજીભાઈ વાગજીયાણી (વેલ કન્ટ્રકશન)ની ઓફિસમાં ઠાકોરજી સાથે સંતોની પધરામણી. ૧૦. પ.ભ. શ્રી હરિશભાઈના નિવાસસ્થાને ઠાકોરજી સાથે સંતોની પધરામણી. ૧૧. પ.ભ. શ્રી કેસરાભાઈ કારાના નિવાસસ્થાને ઠાકોરજી સાથે સંતોની પધરામણી. ૧૨. પ.ભ. શ્રી મનજીભાઈ રાઘવાણીના નિવાસસ્થાને ઠાકોરજી સાથે સંતોની પધરામણી.















**અમેરિકાના ન્યૂજર્સી ખાતે શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર પરિસરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળની 'નેશનલ શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર' (તા. ૨૨ થી ૨૬-૭-૨૦૧૫)**

# નેશનલ સત્સંગ શિબિર ન્યૂજર્સી-અમેરિકા























અમેરિકાના ન્યૂજર્સી ખાતે શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર પરિસરમાં **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય **શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ**ની **'નેશનલ શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર'** (તા. ૨૨ થી ૨૬-૭-૨૦૧૫)

Swaminarayan Chintan, August - 2015 Reg. No. RJT - 624/13-15, Valid up to 31/12/15, Posted at
Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 31/12/2015_RNI No. GUJGUJ-2013/47868

# ગુરુપૂર્ણિમા મહોત્સવ
# શ્રી રઘુવીરવાડી-વડતાલ













Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007